|| વરદ હસ્ત પ્રભુ તમારો, સદાય રહેજો જીવનસહારો ||

# || અધ્યાત્મ ||


**(આધ્યાત્મિક વિકાસની નવી જ ક્ષિતિજ ખોલતું માસિક)**

**સંસ્થાપક :** પરમ પૂજ્ય યોગેશ્વરજી

**પ્રકાશક :** સર્વમંગલ ચૅરિટેબલ ટ્રસ્ટ

**આદ્ય તંત્રી :** શ્રી નારાયણ જાની

**સંપાદક :** શ્રી તરલા દેસાઈ-ડૉ. અરુણા ઠાકર

**વ્યવસ્થાપક :** શ્રી આશિષ વી. ગોહિલ P.966 466 9052

**મુદ્રણ :** વૃન્દા ભૂપેન્દ્ર પટેલ, OLD L.I.G 167, આનંદનગર, ભાવનગર-૫

**લેખો મોકલવાનું સ્થાન :** ૩૦૧/મૂર્તિધામ ફ્રીમ્સ, ભગવતી નર્સરીની બાજુમાં, ડી.કે.પટેલ હૉલ સામે, નારણપુરા, અમદાવાદ-૧૩

અધ્યાત્મ' ઈમેઈલ એડ્રેસ : avgohil1@gmail.com

વેબ સાઈટ 'SWARGAROHAN.ORG'

ગ્રાહકોને 'ગ્રાહક નંબર' સરનામા સાથે લખવામાં આવે છે તે નોંધી લેવો.

'અધ્યાત્મ' દર માસની ૧ તારીખે પ્રસિદ્ધ થશે.

આ અંકના ટાઈટલ પેઈજ સાથે કુલ પાનાં ૬૮.

છૂટક નકલ ૮-૦૦। દસ વર્ષ માટે **૨૫૦/–**

વિદેશમાં વાર્ષિક રૂા. **૧૬૫૦/–**। દસ વર્ષ માટે **૧૬,૫૦૦/–**

'અધ્યાત્મ'માં અધ્યાત્મવિષયક લેખો, ભજનો, ગીતો આવકાર્ય છે.

'અધ્યાત્મ'નું વાર્ષિક લવાજમ બંધ કરેલ છે. તેને બદલે નવા બનનાર ગ્રાહકે ઓછામાં ઓછા બે વર્ષનું લવાજમ રૂા. ૫૦/– ભરવાનું રહેશે.

આ લવાજમ ડ્રાફ્ટ અથવા મનીઑર્ડરથી નીચેના સરનામે મોકલવાનું રહેશે :

**સર્વમંગલ ચૅરિટેબલ ટ્રસ્ટ**

'સ્વર્ગારોહણ', દાંતા રોડ, **અંબાજી.** તા. દાંતા, જી : બનાસકાંઠા

પિન કોડ : ૩૮૫૧૧૦ ફોન નં. ૦૨૭૪૯-૨૬૨૨૬૯


## || સુખી માણસનું અંગરખું ||

એક શિષ્ય એક સૂફી ફકીર પાછળ પડ્યો; : 'મને દુઃખમુક્ત કરનારા ગુરુનાં દર્શન કરાવો.' એ ફકીરે એને કહ્યું; 'બહુ સરળ ઉપાય છે. જે માણસ કહે કે; હું સૌથી સુખી છું; એનું અંગરખું માગીને પહેરવું.' શિષ્ય તો ખોજમાં નીકળી પડ્યો. વર્ષો ભટક્યા પછી એને એક ફકીર મળ્યો જે ખજૂરના વૃક્ષ નીચે મોઢા પર રૂમાલ નાખી બેઠો હતો. એને પૂછતાં તેને જણાયું કે; તે સૌથી સુખી માણસ હતો. એટલે તેણે તેના અંગરખાની માગણી કરી. તો એણે હસીને કહ્યું; 'જો બેટા, મારા શરીર પર સ્થૂળ અંગરખું જ નથી.'

આ વાર્તાનો મર્મ એ છે કે, કોઈ વ્યક્તિ કોઈ સુખી વ્યક્તિને પામી લે, તેને ઓઢી લે, તે બધી બાજુથી ઢંકાઈ જાય, એક રોમ પણ તેનાથી ઢંકાયા વિનાનું ન રહે. એ તમારું આકાશ થઈ જાય, અંગરખું થઈ જાય, તમને ઘેરી લે. તમારા મનમાં એના વિનાની જરાપણ જગ્યા ન રહે. એ ઓઢવાથી જ તમે બદલાવા લાગો.

આવી સુખી વ્યક્તિ ગુરુરૂપે પામવા તમારે મટવું પડે. પછી એ જ રહે, તમે ન રહો, એની છાયા બની જાઓ. કોઈની છાયાની જેમ જીવવું એ જ શિષ્યત્વ છે.

અંગરખું ઓઢવાનો અર્થ છે, જે દિવસે ગુરુ એટલા મહત્ત્વપૂર્ણ થઈ જાય કે તમે એના જેવા બનવાની આકાંક્ષા કરશો. પોતાને ગુમાવીને પણ ! સૂફી ફકીર પોતાના ઉત્તરાધિકારીને અંગરખું આપે એ પ્રતીક છે કે, હવે પોતે શિષ્ય મટી ગયો, ગુરુરૂપ બની ગયો ! પોતાના આત્માની સંનિકટ પહોંચીને તમારા ગુરુ પરમાત્મા થઈ ગયા.

**–એક સૂફી કથા**

॥ ૐ યોગેશ્વરાય નમઃ ॥   ॥ ૐ મા સર્વેશ્વર્યૈ નમઃ ॥

૧૮ માર્ચ, ૧૯૮૪

(પરમ પૂજ્ય શ્રીયોગેશ્વરજીનો લીલાસંવરણદિન)

આ અંકના 'પ્રસંગ-પ્રદીપો'માં પ્રકાશતા શ્રી ગુરુભગવંતના

'અક્ષરસ્વરૂપને'

કોટિ કોટિ પ્રણામ !

''તારા સદ્‌ગુરુ જ્ઞાતા છે, દૃષ્ટા છે અને તારા મુકામે પહોંચાડવાનો ભાર તેમણે જાતે પોતાના શિરે લીધેલો છે. એ પ્રભુએ નીમેલા (God appointed) છે. તેથી તેમનો સંપૂર્ણ શ્રદ્ધાભાવે સ્વીકાર કર. આપણા માટે એક જ માર્ગ ગુરુ લઈ જાય ત્યાં જવાનું. યાદ રાખજે કે, 'આ એવો પ્રકાશ નથી જે દેખાય છે. પરંતુ એવો પ્રકાશ છે જે દેખે છે.'''

**—શ્રી યોગેશ્વરજી**



# અનુક્રમ


| | | |
|---|---|---|
| નિવેદન | | ૫ |
| ૧. શ્રીયોગેશ્વરકથામૃત | શ્રી 'મા' સર્વેશ્વરી | ૬ |
| ૨. સર્વોત્તમ પ્રાર્થનાનો સર્વોત્તમ ઉત્તર | શ્રી 'મા' સવેશ્વરી | ૧૦ |
| ૩. પરમનો આવિર્ભાવ અને સાક્ષાત્કાર | શ્રી પ્રતીક સ્માર્ત | ૧૬ |
| ૪. શ્રદ્ધા-મૈત્રીથી સુગંધિત પ્રસંગપુષ્પો | શ્રી સુકૃતિ જાની | ૧૭ |
| ૫. લક્ષ્મણની પવિત્રતા | શ્રી યોગેશ્વરજી | ૨૨ |
| ૬. બુદ્ધિની શ્રેષ્ઠતા | " | ૨૪ |
| ૭. વિભીષણનો ઉત્તર | " | ૨૭ |
| ૮. ખિસકોલી જેવી ભાવના | " | ૨૯ |
| ૯. ભક્તની અનન્યતા | " | ૩૨ |
| ૧૦. સંજીવની બુટ્ટીનો પ્રસંગ | " | ૩૫ |
| ૧૧. ગુરુની પ્રાપ્તિ | " | ૩૮ |
| ૧૨. ભગવાં વસ્ત્રોની ભ્રમણા | " | ૪૧ |
| ૧૩. પરમ શાંતિ | " | ૪૨ |
| ૧૪. જલેબીનો પ્રસંગ | " | ૪૪ |
| ૧૫. દેવપ્રયાગના સાધુ | " | ૪૬ |
| ૧૬. યાત્રા માટે મદદ | " | ૪૯ |
| ૧૭. ઔષધીથી સમાધિ | " | ૫૧ |
| ૧૮. શ્રીકૃષ્ણનું શરીરધારણ અને તિરોધાન | " | ૫૪ |
| ૧૯. પ્રહ્‌લાદના સંસ્કાર | " | ૫૯ |
| ૨૦. નર્મદા-યાત્રા | શ્રી મનીષા જોશી | ૬૨ |

**નિવેદન : પ્રસંગો 'આત્માની બારીઓ' છે, જેમાંથી 'પરમાત્માની રોશની' આવે છે.**

પરમ તત્ત્વમાં સંતચેતના પ્રતિષ્ઠ થયા પછી દેહનો આકાર રહે કે ન રહે પણ એ દેહમાં બિરાજમાન 'વૈશ્વિક ચેતનાનાં કાર્યો' તો સ્થળકાળને ઓળંગી પોતાની અદ્ભુત શક્તિ પ્રસાર્યા જ કરે છે; એની પ્રતીતિ આ અંક કરાવશે.

મહાત્મા શ્રી યોગેશ્વરજીનું એકમાત્ર જીવનકાર્ય સૂતેલા આત્માને જગાડવાનું રહ્યું. હિમાલયમાં પ્રખર તપ તપી, વિચાર-વાણી-વર્તન-લેખન-પ્રવચન-સમગ્ર જીવન દ્વારા તેઓશ્રી અંતિમ શ્વાસ સુધી મથ્યા.

પરમ પૂ.શ્રી યોગેશ્વરજીની મહાન સર્જક પ્રતિભાનો સંસ્પર્શ રામાયણ, મહાભારત, ભાગવત, ગીતા, ઉપનિષદો જેવા મહાન સદ્ગ્રંથો પામ્યા. પણ સાથે સાથે સામાન્ય ભણેલા માનવીઓ પણ સરળતાથી સમજી શકે તે માટે ઈશ્વરદર્શન, સંતસમાગમ, સત્સંગ, ધર્મનો મર્મ, ધર્મનો સાક્ષાત્કાર, કળીમાંથી ફૂલ, પરબનાં પાણી, ધૂપસુગંધ જેવી ગ્રંથમાળા પણ પ્રકાશિત કરી. બહુ જ સાવધાનીથી વીણીવીણીને સંચિત કરેલાં પૂજ્યશ્રીનાં આ અદ્ભુત 'પ્રસંગમૌક્તિકોમાંથી' પસાર થતા વાચક અનુભવે છે કે; અરે ! આ તો 'આત્માની બારીઓ' છે, જેમાંથી 'પરમાત્માની રોશની' આવે છે.

એક મોટા જનસમૂહને નિજગૃહે પહોંચાડવા, પ્રભુના સત્યપ્રકાશમાં લઈ જવા જાણે સ્વયં પ્રભુએ જ પરમ હિતકારી સદ્ગુરુ તેમજ પૂ.શ્રી'મા'ને નીમ્યા છે; કેમકે પ્રભુની નિશ્ચલ જ્યોતિનો પ્રકાશ જ આપણા મનને પ્રકાશિત કરી શકે. 'પરમની અનુભૂતિ' જ 'પરમ સત્ય'નું દાન કરી શકે. એનું સરનામું પૂજ્યશ્રી તેમજ પૂ.શ્રી'મા'ની કલમ છે, એવી ખાતરી થઈ છે. તો તમામ શક્તિ કામે લગાડી આપણે તેમને પુનઃ પુનઃ કૃતજ્ઞભાવે કેમ ન વંદીએ ? ઉભય સંતચેતનાને આપણા કોટિ કોટિ પ્રણામ !



# ॥ શ્રી યોગેશ્વરકથામૃત ॥

## દક્ષિણ આફ્રિકાનો પુણ્યપ્રવાસ–દિન ૧૧૧

### તા. ૭-૩-૮૩, સોમવાર, ફાગણ વદ આઠમ સં. ૨૦૩૯

### લુઈસટ્રીકાડથી જોહાનિસબર્ગ

સવારે, હજી યાત્રાનો થાક ઊતર્યો ન હતો છતાં પૂ.શ્રીનો લેખનક્રમ નિયમિત રહ્યો. ક્રુગર નેશનલ પાર્કમાં પણ સવારે કે સાંજે લેખન નિયમિત ચાલુ જ રહ્યું હતું.

પૂ.શ્રી લેખન બાદ થોડો આરામ કરે છે. મારે રસોઈ માટે અગિયાર વાગ્યે રસોડામાં જવાનું બને છે. ખીચડી, શાક ને વડાં બનાવું છું. પાછળથી પૂ.શ્રી રસોડામાં આવે છે. થોડી વાતો થાય છે.

ભોજન લીધા બાદ મુલાકાત શરૂ થાય છે. સાત-આઠ ભાઈબહેનો બેઠાં છે

એક બહેન કહે છેઃ મારે જુદી જુદી માળા જ કરવી પડે છે. એટલે આપ મને કંઈક માર્ગ બતાવો. જે જે પંથમાં જાઉં છું તે તે જુદી જુદી માળા બતાવે છે.

પૂ.શ્રીએ કહ્યું; બધા જુદી જુદી માળા કરવાનું ભલે કહે, પણ તમે તમારા અંતરાત્માને ગમે તે જ કરો.

બહેનઃ પણ તે બધી માળા મૂકી દઉં તો મને ઘણું દુઃખ થાય.

પૂ.શ્રીઃ એ તો છોકરીને સાસરે મોકલીએ ત્યારે દુઃખ તો થાય જ ને ? પણ પછી એમ થાય કે, હાશ ! સારે ઘરે ગઈ છે ને ! એ રીતે આપણે સારા ઘરે જવાનું છે. દિવસો વીતે છે. હવે કોઈ ચોક્કસ મંત્ર જપ કરવા માંડો.

બહેનઃ તો પછી ગાયત્રી-જપનું શું થાય ?

પૂ.શ્રીઃ નદીમાં નાવડી તરે છે. પવન વધ્યો. ડૂબવાની તૈયારી. અંદર બેઠેલો એક ભાઈ 'હે રામ ! બચાવો' એવી બૂમ પાડે છે. ભગવાન રામ બચાવવા તૈયાર થાય છે. ત્યાં તો તે ભાઈ 'ઓ શ્યામ ! દોડો મારે તમારો જ આધાર છે' એમ કહે છે. કૃષ્ણનું નામ સાંભળી રામ મદદે આવતા નથી. ભગવાન કૃષ્ણ મુગટ પહેરીને નાવ બચાવવા ઊભા થાય છે, ત્યાં તો પેલો ભાઈ 'હે શિવશંકર ! તમારા વિના મારે કોઈ આધાર નથી. મને બચાવો' એમ બોલી ઊઠે છે. એટલે ભગવાન કૃષ્ણ નાવ બચાવવા જતા નથી. છેવટે કોઈ નાવ બચાવતું નથી. નાવ ડૂબી જાય છે. માટે કોઈ એક નામ શ્રદ્ધાથી જપો. તો જ લાભ થાય.

આ આખીયે વાત પૂ.શ્રી અંગ્રેજીમાં ફરીથી કહી સંભળાવે છે. શ્રી જ્યોતિર્ધરને ગુજરાતીમાં વાત ન સમજાય એટલે આજનો પ્રશ્નોત્તરીનો કાર્યક્રમ ગુજરાતી ને અંગ્રેજી એમ બન્ને ભાષામાં ચાલી રહ્યો છે.

પ્રશ્નઃ 'ૐ શ્રીકૃષ્ણ' કે 'ૐ રામ'ને બદલે રામરામ કે કૃષ્ણકૃષ્ણ જપીએ તો ચાલે ?

'ૐ રામ' જપીએ તો એમાં ધ્યાન ૐનું કે રામનું કરવાનું ?

નિર્ગુણ નિરાકાર ભગવાન છે, તો નિર્ગુણ માનવ હોઈ શકે ? નિર્ગુણ માનવ કેવી રીતે ઓળખાય ?

ગાયત્રીમંત્ર બ્રાહ્મણો જ જપી શકે ?

ગીતાને વાંચવી, મોઢે કરવી કે સમજવી ?

ગાયત્રીમંત્રનું મહત્ત્વ શું ?

પૂ.શ્રીએ ઉપરના બધા પ્રશ્નોના જવાબો પોતાની લાક્ષણિક ઢબે ગુજરાતીમાં આપ્યા. વળી પાછા અંગ્રેજીમાં પણ સમજાવ્યા.



એમ સત્સંગ આગળ ચલાવ્યો.

સૌ સમય થતાં વિદાય થયાં. આજે શ્રી મગનભાઈએ ઉતારેલી ક્રુગર નેશનલ પાર્કની ફિલ્મ જોવા મળી. એ પછી પૂ.શ્રી આરામ કરે છે.

સાંજે પ્રવચન માટે લક્ષ્મીનારાયણ મંદિરમાં સેવાભાવી ડૉક્ટર શ્રી શશીકાન્તભાઈની ગાડીમાં જવાનું બન્યું. અમારા આગમનની જાણ ઘંટારવથી કરવામાં આવી. કીર્તન ચાલુ હતું તે બંધ થયું. સૌ ઊભાં થયાં.

શ્રોતાઓની મધ્યમાં ગોઠવેલી દીવડાઓની બે લાંબી હરોળની મધ્યમાંથી અમારે પસાર થવાનું હતું. આજુબાજુ દીવડા, ફૂલો ને પાંદડીનો શણગાર સુંદર લાગતો હતો. અમે તે માર્ગે થઈને ગયાં. દેવમંદિરને પ્રણામ કરી બેઠક લીધી.

તરત જ શ્રી જ્યોતિર્ધર ઊભા થયા. શ્રી સત્યસાંઈબાબાની તસવીર સમક્ષ પુષ્પો લઈને પ્રણામ સાથે પ્રાર્થના કરી. પછી અમારી પાસે આવી તે પુષ્પો અમને અર્પણ કર્યાં.

પછી શ્રોતાઓ સમક્ષ ઊભા રહીને કહ્યુંઃ હિમાલયથી પવિત્ર જ્ઞાનગંગા વહેતી વહેતી અહીં આવી છે. મહાત્માજીએ આપણને ઘણું ઘણું જ્ઞાન આપ્યું છે. એમના દર્શનનું સદ્‌ભાગ્ય આપણને ફરીથી આજે મળ્યું છે. આજે વિદાયનો દિવસ છે. વિદાયનું દુઃખ સ્વાભાવિક જ થાય છે. ન જાણે ફરી ક્યારે દર્શનનો લાભ મળશે ? મહાત્માજી પાસેથી ઘણી ઘણી પ્રેરણા મળી છે. તે માટે આપણે તેઓશ્રીનો જેટલો પણ આભાર માનીએ એટલો ઓછો છે.

બે ગુજરાતી સંસ્થાઓ વતી શ્રી રસિકભાઈએ કહ્યુંઃ બધા ધર્મગ્રંથોનો સાર મહાત્માજીનાં પ્રવચનોમાંથી મળે છે.

મહાત્માજીનાં પ્રવચનોથી આપણે ધન્ય બન્યાં છીએ. આવો અવસર ફરીફરી આવતો નથી. મહાત્માજીએ સંપ્રદાયરહિત ધર્મનો સાર સુંદર રીતે સમજાવ્યો છે. હવે બધી જ સંસ્થાઓ વતી તેમને પુષ્પહાર અર્પણ થશે. આજે વિદાયનો દિવસ છે. વ્યથિત હૃદયે આપણે વિદાય આપીશું.

ત્રણે સંસ્થાઓ વતી બે બહેનો અમને બંનેને પુષ્પહાર અર્પણ કરે છે.

આજનું અંગ્રેજી પ્રવચન 'પૂર્વની અને પશ્ચિમની સંસ્કૃતિ' ઉપર હતું.

પ્રવચન બાદ ભજનો થયાં, શાંતિપાઠ થયો, સત્યસાંઈબાબા સૅન્ટર તરફથી એક ભજન ગવાયું.

છેવટે જાહેર થયું કે, આજે નાનાં બાળકો માતાજી પાસેથી અને મોટાં સ્ત્રીપુરુષો મહાત્માજી પાસેથી પ્રસાદ લેશે.

આરતી બાદ પ્રસાદની થાળીઓ અમારી પાસે મૂકવામાં આવી. પ્રસાદ તરીકે પૂ.શ્રી પાસે ચૉકલેટ અને મારી પાસે બિસ્કિટ જેવી કોઈ વાનગી શ્રોતાઓને વહેંચવા સારુ મૂકવામાં આવી.

સૌ કોઈ સાષ્ટાંગ પ્રણામ કરીને પ્રસાદ લેતું હતું.

છેવટે, 'પ્રકાશના પંથે'નાં આઠસો પૃષ્ઠ વાંચનાર ભાઈએ થોડી પ્રશ્નોત્તરી કરી. અન્ય સાથે પણ બીજી વાતો થઈ.

લગભગ પોણા અગિયાર વાગ્યે અમે મંદિરમાંથી વિદાય લીધી.

ઉતારા ઉપર આવી ગયાં. દૂધ લીધું. આરામ કર્યો.

હરિઃ ૐ

—શ્રી 'મા' સર્વેશ્વરી



# ॥ સર્વોત્તમ પ્રાર્થનાનો સર્વોત્તમ ઉત્તર ॥

## (અહો ગુરુ ! અહો શિષ્ય !)

[દક્ષિણ ભારતની પૂજ્યશ્રી સાથેની પાવન યાત્રામાં યાત્રી બનવાનું સદ્ભાગ્ય સાંપડતાં પૂજ્યશ્રી'મા' લખે છે : 'સંત સાથેની યાત્રામાં સૌને સાચા સાધક બનાવવાનો, સર્વોત્તમ જીવનઘડતર કરવાનો એક અભ્યાસક્રમ સહજ શરૂ થતો હોય છે. મંચ પર બેસીને સત્સંગસુખ ધરનારા સંતનું દર્શન-શ્રવણ બહુ બહુ તો એક કલાક-બે કલાકનું હોય પણ તેમની સાથે યાત્રા કરવાનું સદ્ભાગ્ય સાંપડે તો તેમનું નિકટનું સાન્નિધ્ય પણ સાંપડે ને દર્શન-શ્રવણ એકધારું મળે. એ યાત્રા પરમ આનંદ, પરમ શાંતિ અને પરમ કલ્યાણ કરનારી ઠરે.' આ પરમ પુનિત યાત્રાનો એક પ્રસંગ પૂ.શ્રી'મા'ની શ્રી કલમે અનુભવીએ.]

ગુફાઓ જોવા ખાતર જોવાઈ ગઈ.

પૂ.માતાજીની દંડી તો ઝડપથી પાછી વળી નીચે ઊતરી પણ ગઈ. અમે પાછળ પડી ગયા. નીચે ઊતરવાનું શરૂ કર્યું. નીચે ઊતરતાં જ ફરી પૂ.શ્રીને શોધવામાં મન લાગી ગયું.

શોધે તેને મળે જ !

જેને શોધતાં હતાં તે દેવપુરુષ નીચે નદીકિનારે સૌની મધ્યમાં બેઠા જ હતા.

અહીં નેત્રોને વિશેષ પુરુષાર્થ કરવો પડતો ન હતો. સત્સંગ માટે ક્યાંયે પણ કાનને સરવા થવાનું ન હતું. મનને ભટકવા માટે ક્યાંયે કોઈ પ્રકારનો અવકાશ ન હતો. સઘળી ઇન્દ્રિયોનો એક જ વિષય હતો. એમાં જ એમને પરમ આનંદ હતો.

મન રાજી થઈ ગયું. પૂ.શ્રીનાં દર્શન માત્રથી અમારા પગ ઉતાવળા બની દોડવા લાગ્યા. દૂર બેઠેલી 'મા' પાસે પહોંચવા જેમ બાળક ઉતાવળું બને એવી જ દશા હતી.

અમારી સૂની આંખો પૂ.શ્રી ગુરુદેવના દર્શનથી ભરાઈ ગઈ. મનને પોતાનો પ્રિય પદાર્થ પ્રાપ્ત થઈ ગયો. આનંદ થઈ ગયો !

દર્શન કરતાં કરતાં મન આસપાસની પ્રવૃત્તિ પણ નિહાળવા લાગ્યું. બેનો પણ ત્યાં બેઠાં હતાં. માતાજી પણ હતાં. અરે ! પૂ.શ્રીનાં વસ્ત્રો સૂકાવવાનું કાર્ય ચાલી રહ્યું હતું. એ જોતાં જ મન દર્શનસુખ માણતાં માણતાં અફસોસ કરવા લાગ્યું.

પૂ.શ્રીનાં વસ્ત્રો ધોવાની સેવા આપણને મળી હોત તો ? ગુફા જોવામાં સેવા ગુમાવવી પડી.

જેમને સેવા મળી તે ભાગ્યશાળી છે.

અને અમે નીચે આવી પણ ગયાં.

પૂ.શ્રી ગુરુદેવ પ્રભુ જ્યાં બિરાજ્યા હતા તે સ્થાન તરફ અમે સૌ જઈ રહ્યા હતાં. ત્યાં તો પૂ.શ્રી ઊભા થયા ને જ્યાં ગાડી હતી ત્યાં ધીરેથી ચાલીને પહોંચ્યા.

ગાડીમાંથી એક વસ્ત્ર શ્રી કલ્યાણને આપ્યું. શ્રી કલ્યાણ એ વસ્ત્ર હાથમાં લઈ આવી રહ્યા હતા. અમે દૂરથી એ દૃશ્ય જોતાં હતાં. અમારું ધ્યાન પૂ.શ્રીમાં જ કેન્દ્રિત હતું, અમને થયું કે એ વસ્ત્ર ધોવાનું જ હશે. અને અમે દોડીને શ્રી કલ્યાણ પાસે સામે પહોંચી ગયા.

અમે શ્રી કલ્યાણ પાસે પૂ.શ્રીનું વસ્ત્ર માગ્યું. તેમણે તરત જ અમને આપી દીધું. આનંદ આનંદ થઈ ગયો.

પૂ.શ્રીના સ્પર્શવાળું વસ્ત્ર ધોવા મળે એ વાત ઘણી અગત્યની હતી.

શીરડીમાં વસ્ત્ર ધોવાની સેવા માગી છતાં મળી ન હતી. તે



જાણે અહીં સામે ચાલીને મળી તેનો આનંદ હતો. સારું થયું અમને મળી. નહીં તો બીજા ત્રણ બેનો હતાં તેઓને એ સેવા મળી હોત.

પૂ.શ્રીના વસ્ત્રનો સ્પર્શ જ જાણે અલૌકિક હતો, દિવ્ય હતો.

જે વસ્ત્ર દિવ્ય તનુનો સ્પર્શ પામ્યું હોય તે વસ્ત્ર પ્રસાદીરૂપ જ હોય ને ! અરે ! તે વસ્ત્રનો સ્પર્શ જાણે પૂ.શ્રીનો જ દૈવી સ્પર્શ હોય એવો સુખદ અનુભવ થયો.

પ્રિય વ્યક્તિની વસ્તુ કે વસ્ત્ર, વ્યવહાર કે વાણી સઘળું પ્રિય ને સુખદ જ લાગે.

અમારા આ સામાન્ય હાથ જાણે પૂ.શ્રીના વસ્ત્રસ્પર્શથી સાર્થક થઈ ગયા. મનથી તો એ વસ્ત્રને વંદન કરી જ લીધાં.

આખા જગતની જાણે સર્વશ્રેષ્ઠ સંપત્તિ પ્રાપ્ત કરી લીધાનો પરમ આનંદ પરમ સંતોષ થઈ ગયો.

પૂ.શ્રીના વસ્ત્રપ્રસાદમાં જ અમારું મન તો મસ્ત બની ગયું. ક્યાં ઊભા છે, વસ્ત્રનું શું કરવાનું છે એ બધું જ ભૂલાઈ ગયું. પરમાનંદની મસ્તી જ એવી અલૌકિક હોય છે. જ્યાં પ્રભુ સિવાય બધું જ વિસ્મૃત થઈ જાય.

હે મન ! તું સાંભળ તો ખરું. શ્રી કલ્યાણ શું કહી રહ્યા છે ? જરા ધ્યાન દઈ સાંભળ.

કલ્યાણે વસ્ત્ર આપતાં જ કહ્યું : 'મહાત્માજીએ મને વસ્ત્ર આપીને પૂછ્યું, કોને આપશો ?'

મે કહ્યું :- 'હું પોતે જ ધોઈ નાખીશ.'

ત્યારે તેમણે કહ્યું :- 'ના, જે પહેલું માગે તેને આપજો, ને તમે જ દોડીને માગી લીધું.'

કલ્યાણની વાત સાંભળી અમને આશ્ચર્ય થયું. આનંદ થયો. પૂ.શ્રી અમારે માટે જ ઊઠ્યા હશે. અમારા મનના સાત્ત્વિક અફસોસને એમણે જાણી લીધો. અમે પૂ.શ્રીના વસ્ત્રસ્પર્શને લાયક બન્યાં.

આવા આવા વિચારો સાથે શ્રી કલ્યાણની વાતને અમે વધાવી લીધી. સારું થયું પૂ.શ્રી ગુરુદેવ પ્રભુએ શ્રી કલ્યાણને વસ્ત્ર ધોવાની ના પાડી. અને વળી 'જે પહેલું માગે તેને આપજો' એ વાત પણ અમને ગમી.

અમને દોડીને વસ્ત્ર માગવાની ઇચ્છા થઈ તેથી પૂ.શ્રીનો પણ મનોમન આભાર માન્યો.

અહીં માગે તેને મળે એ નિયમ પળાતો જોયો. સંતસેવાની નાનકડી ઇચ્છાનો પણ તરત જ કેવો પડઘો પડે છે ! તે અનુભવવા મળ્યું.

મનને સતત સાત્ત્વિક ઇચ્છા કરતાં જ શીખવવું જોઈએ, કોઈપણ કર્મની પાછળ પાયામાં તો વિચાર જ હોય છે ને ! તો તે વિચારને જ સાત્ત્વિક કરી દઈએ તો તે સાત્ત્વિક ઇચ્છાનો પડઘો પણ સાત્ત્વિક જ પડે ને.

સાત્ત્વિક વિચાર ને પછી આવે સાત્ત્વિક કર્મ.

પૂર્ણ સંતની આસપાસ આપણી સાત્ત્વિક વૃત્તિઓ રાસ રમવા માંડે તો કૃપાપ્રાપ્તિમાં સર્વોત્તમ સફળતા મળે જ.

સેવા સંતની, દર્શન સંતનું, સ્પર્શસુખ સંતનું, ચિંતન સંતનું, ગુણાનુવાદ સંતના, સર્વ ઈન્દ્રિયોના વિષય સંતપુરુષ, સઘળું સંતમય બની જાય તો તો આપણું 'હું પણું' ત્યાં શી રીતે ટકી શકે ?

આપણે અદૃશ્ય થઈ જઈએ ને પેલા પરમપુરુષ, દિવ્યપુરુષ, સમર્થ અલૌકિક સંતપુરુષ જ પ્રગટ થઈ જાય. આપણા જીવનમાં આપણે ખોવાઈ જવાનું ને સંત મહાપુરુષને શોધીને પ્રગટાવી દેવાના તે જ સાધના સાચી, પછી તે સંતપુરુષ આપણામાં વસી



કાર્ય કરવા માંડે, સાધક સર્વસમર્પિત થઈ જાય ને સદ્ગુરુ સાથે એકરૂપ બનીને પરમકલ્યાણ પામી લે.

હવે પૂ.શ્રીનો વસ્ત્રપ્રસાદ મળ્યો ને સાથે ધીરે ધીરે પૂ.શ્રીની નજીક આવવાનું પણ પ્રારંભ પામ્યું કે શું ! આ મહાપુરુષના પવિત્ર વસ્ત્રના એક એક દોરામાં પવિત્રતાનો, દિવ્યતાનો, આશીર્વાદનો નિવાસ છે. તેથી જ તે પ્રસાદ બની ગયું છે. તેનો સ્પર્શ જાણે પૂ.શ્રીના દિવ્ય સ્પર્શનો રસાસ્વાદ કરાવે છે. જાણે વસ્ત્રરૂપે પૂ.શ્રી જ સ્વયં અમારી પાસે આવી ગયા છે. પૂ.શ્રી ગુરુદેવ પ્રભુ પાસે પહોંચવા વસ્ત્ર જાણે સીડી બની ગઈ.

આ વસ્ત્ર ધોઈને, સૂકવીને, ગડી વાળીને વ્યવસ્થિત રીતે પૂ.શ્રીને આપવા જઈશું એટલે એ નિમિત્તે પૂ.શ્રીની પાસે એક બે મિનિટ ઊભા રહેવાનું પણ મળશે. પૂ.શ્રી આપણા સામાન્ય વ્યક્તિત્વ ઉપર સહજ કૃપાદૃષ્ટિ કરશે તો આપણે પણ પવિત્ર થઈ જઈશું !

સંતોની દૃષ્ટિમાં પણ આશીર્વાદ ને પવિત્રતા હોય છે. તેનો લાભ સ્વાભાવિક રીતે આપણાને મળી જશે.

આ એક નાનકડું વસ્ત્ર મહાપુરુષ પાસે આપણને પહોંચાડશે.

આવા વિચારોમાં મન ફરી ફરી ડૂબી ગયું.

ગુફા જોઈને ઊતરતાં ઊતરતાં જે સાત્ત્વિક ઇચ્છા જાગી તેનો તરત જ પડઘો પડ્યો.

પૂ.શ્રી અમને પ્રત્યુત્તર આપવા જ ઊઠ્યા. કોઈપણ જાતના કારણ વગર, કોઈની પણ માગણી વગર જ પૂ.શ્રી પોતાના સ્થાન ઉપરથી ઊભા થયા.

પૂ.શ્રીનું ઊભા થવું, ચાલવું એ જાણે પરમશક્તિ પ્રેરિત હતું. જે શક્તિનું એમણે શરણ લીધું તે શક્તિએ જ એમને ઊભા કર્યા.

પ્રભુદરબારે થતાં દરેક કાર્યો વ્યવસ્થિત ને સમયસર હોય છે.

જેવી જેની પ્રાર્થના તેવો તેનો પ્રત્યુત્તર.

દરેક વખતે પ્રભુએ જ દોડી આવવું પડે તેવું નથી. પ્રભુના પાર્ષદ સમા સંતો પ્રભુ વતી પ્રાર્થના પણ સાંભળી લેતા હોય છે. પ્રભુના કાર્યોમાં તેઓ સાચા સહાયક હોય છે. અહીં પણ પ્રભુ વતી આ પ્રત્યક્ષ ગુરુદેવ પ્રભુ જ કાર્યરત બની ગયા.

આપણે આપણી સાત્ત્વિક માગણી, ઇચ્છા વ્યક્ત કર્યા જ કરવાની. પ્રભુને જે રીતે પૂર્ણ કરવી હોય તે રીતે કરવાની તેને તો સ્વતંત્રતા છે.

**આપણે સર્વોત્તમ માગ્યા કરવાનું. પ્રભુએ સર્વોત્તમ આપ્યા કરવાનું !**

અહીં તો ગુરુદેવ પ્રભુ જાણે કલ્પવૃક્ષ બનીને પધાર્યા છે. જે માગીશું તે મળશે.

તો પછી માગવામાં પણ જાગૃતિ રાખવી પડશે ને. અમારા મનમાં તો સેવા ના કરી શકવાનો સહજ અફસોસ જ થયો. પણ તે અફસોસ જાણે અમારી નાનકડી પ્રાર્થના બની ગઈ. ને તે પ્રાર્થનાનો વિના વિલંબે પ્રત્યુત્તર પણ મળી ગયો. ત્યારે કોને આનંદ ના થાય ?

વસ્ત્ર આપવા જ પૂ.શ્રી ગુરુદેવ પ્રભુ ઊભા થયા. ગાડી પાસે ગયા ને ફરી પાછા પોતાના સ્થાનમાં જઈને બેસી પણ ગયા. આ આખું વર્તન જાણે પ્રાર્થનાના પ્રત્યુત્તર સમું જ હતું. અમારી પ્રાર્થનાનો આવો સર્વોત્તમ પ્રત્યુત્તર પામી અમે તો ધન્ય થઈ ગયા.

આ મહાપુરુષ અમારે માટે જ ઊભા થયા છે. એ ઘટના અતિ મહત્ત્વની ગણાય.

**–શ્રી 'મા' સર્વેશ્વરી**



# ॥ પરમનો આવિર્ભાવ અને સાક્ષાત્કાર ॥

શ્રી રામકૃષ્ણ સમજાવે છે કે બીજી વસ્તુઓની સરખામણીમાં લાકડાની અંદર અગ્નિતત્ત્વનું પ્રમાણ વધારે હોય છે. તેવી જ રીતે જો પરમની ખોજ કરવી હોય તો તેને માનવરૂપમાં શોધવું જોઈએ. ઈશ્વર મનુષ્યરૂપમાં વધારે આવિર્ભૂત થાય છે. જો કોઈ વ્યક્તિ ઈશ્વરના પ્રેમમાં ગળાડૂબ હોય, તેના દિવ્ય પ્રેમમાં પાગલ થઈ ગઈ તો સમજવું કે પરમતત્ત્વે એ મનુષ્યમાં પ્રવેશ કરી લીધો છે. પરમતત્ત્વની હાજરી અત્રતત્ર સર્વત્ર છે પણ તેની શક્તિની અભિવ્યક્તિ અવતાર દ્વારા થાય છે. કેટલાક અવતારોમાં ઈશ્વરીય શક્તિ પૂર્ણરૂપે અભિવ્યક્ત થાય છે. આ દિવ્યશક્તિ જ અવતાર લઈ જન્મે છે.

પરમ વિશેનું જ્ઞાન મેળવવા એક તો તર્કનો આધાર લેવાય છે. બીજું ધ્યાન સાધના દ્વારા અને ત્રીજું જ્ઞાન ત્યારે એ પરમ સ્વયં પોતે પોતાનો સાક્ષાત્કાર કરાવે છે ત્યારે ભક્તને કોઈપણ તર્કની કે સમજણની જરૂર નથી રહેતી.

પૂજ્ય શ્રીયોગેશ્વરજી જેવા દિવ્ય અવતાર પોતાની ઓળખાણ (સાચી ઓળખાણ) છૂપાવી રાખવામાં મહદ્અંશે સફળ રહ્યા. તેમની પાસે અને સાથે રહેવાવાળા લોકો પણ તેમની ખરી ઓળખ મેળવવામાં થાપ ખાઈ ગયા. પૂજ્ય શ્રી યોગેશ્વરજી જેવા સમર્થ ગુરુ સમક્ષ હોવા છતાં લોકો તેમને બીજા ગુરુ વિશે પૂછવા આવતા. આ તો આપણાં પૂજ્ય'મા'એ આપણને પૂ.શ્રીયોગેશ્વરજીની સાચી ઓળખ આપી અને એમાંથી ઘણુંબધું પૂજ્યશ્રીની આ પૃથ્વી પરની વિદાય પછી બન્યું.

પૂજ્ય શ્રીયોગેશ્વરજીએ જતાં પહેલાં પૂ.'મા'ની ઓળખાણ આપી. એમણે સ્પષ્ટ શબ્દોમાં જણાવ્યું કે એ પરમ શક્તિ 'મા' જગદંબા જ પૂજ્ય 'મા' સર્વેશ્વરીનું સ્વરૂપ ધારણ કરી આપણી વચ્ચે વિચરે છે. જેમ શ્રી રામકૃષ્ણે આગળ સમજાવ્યું હતું તેમ ફક્ત એ પરમ જ પરમની ઓળખ આપી શકે અને ત્યારે જ ભક્ત માનવરૂપમાં વસેલા એ ઈશ્વરની દિવ્ય લીલાને જોઈ શકે. આ તો આપણું અહોભાગ્ય છે કે, પૂ.'મા' આપણી વચ્ચે ચાલતાં-બોલતાં-વ્યવહરતાં આપણને દશ્યમાન થાય છે.

એક ભક્તનું અંતિમ લક્ષ્ય હોય છે પોતાના ઈષ્ટનાં દર્શન કરવાં અને તેમની દિવ્યલીલાના ભાગ બનવું. પૂજ્ય'મા'ની હાજરીમાં આપણું એ લક્ષ્ય અમુક અંશે તો આપણને પ્રાપ્ત થઈ ગયું છે. હવે બાકી જે છે તે પૂ.'મા'નાં દિવ્ય સ્વરૂપનું દર્શન અને એક એવી સમાધિ જેથી દિવ્ય સાથેનું તાદાત્મ્ય કોઈપણ રોકટોક વિના અખંડ રહે.

**–શ્રી પ્રતીક સ્માર્ત**

## ॥ શ્રદ્ધા-મૈત્રીથી સુગંધિત પ્રસંગપુષ્પો ॥

[પરમ પૂજ્ય શ્રીયોગેશ્વરજીના પૂર્વાશ્રમના સહાધ્યાયી, અધ્યાત્મના આદ્ય તંત્રી તેમજ જીવનભરની સમજણભરી મૈત્રીથી પોતાના સદ્‌ગુરુ સાથેની ચેતનાનો નાતો જીવંત રાખી, પોતાના કુટુંબ તેમજ સમગ્ર સમાજમાં સાચો અધ્યાત્મ-ઉજાસ પાથરનાર શ્રી નારાયણભાઈની તેજસ્વી પૌત્રીની રસમય કલમે આલેખાયેલ કેટલાક પ્રેરક પ્રસંગો આપ માણી શકશો.]

જીવનમાં ઘણી બધી વાર કોઈ સંત કે મહાપુરુષનો પ્રવેશ આપણું જીવન પલટાવી નાખે છે. સમગ્ર જીવન દરમિયાન બનતી ઘટનાઓનો વિચાર કરતાં સમજાય કે જો આ મહાન વ્યક્તિત્વ આપણા જીવનમાં આવ્યું જ ન હોત તો ? જીવન કેવું હોત ? શ્રી નારાયણભાઈ જાનીના જીવનમાં પણ એવી જ કૈંક ઘટનાઓ બનતી રહી. જેના કારણે તેમના મનમાં પૂજ્યશ્રી માટેનો આદરભાવ સતત વધતો જ રહ્યો. એટલું જ નહીં પણ પૂજ્યશ્રીના જીવનદર્શનની સુવાસ તેમણે લોકો સુધી પણ પ્રસરાવી દીધી. બાળપણની આ મૈત્રી જાણે એક સુગંધિત પુષ્પની જેમ ખીલી ઊઠી અને આજે આપણે સૌ તેની સુગંધનો લહાવો લઈ રહ્યા છીએ. તો આજે તેમના જીવનમાં બનેલા થોડા પ્રસંગોને વાગોળીએ. અને નાના-નાના પ્રસંગોમાં મૂલ્યોની મહત્તાને સમજીએ.

૧. એકવાર નડિયાદમાં સંધ્યાકાળે શ્રી નારાયણભાઈ એક સત્સંગી સાથે બેસીને વાતો કરતા હતા. વાતો ચાલતી હતી. ત્યાં જ મહાત્માજી અંદરથી ધ્યાન કરીને બહાર આવ્યા અને પૂછ્યું, ‘‘શું કરો છો ?’’ કાકાએ કહ્યું, ‘‘વાતો કરીએ છીએ.’’ પ્રભુએ તરત જ ટકોર કરતાં કહ્યું કે, ‘‘આખી જિંદગી વાતો જ કરી, એમાંથી શું



મળે ? જુઓને આ ચકલાઓ પણ સંધ્યાકાળે સ્તબ્ધ થઈ ગયા છે, પક્ષીઓ પણ હવે બોલતા નથી. તો હવે એમને જોઈને તો મૌન રાખો. ભગવાનનું સ્મરણ કરો. સંધ્યાકાળ અને ઉષાનો સમય શાંતિ ચિત્તે બેસવા માટેનો શ્રેષ્ઠ સમય ગણાય છે. તમે જો શાંતિથી બેસો તો આપોઆપ તમારું મન શાંત થઈ જાય.’’ આમ આ રીતે નાની વાતમાં પણ સતત જગાડતા રહે, શિક્ષા આપતા રહે.

૨. નડિયાદમાં જ એક દિવસ બીજી ઘટના બની. માતાજીને લકવો થયેલો તે દરમિયાનની આ ઘટના છે. એમનાં વસ્ત્રો બહાર વરંડામાં સૂકાતાં હતાં. તો શ્રી નારાયણભાઈને એમ થયું કે મહાત્માજી જરા આરામમાં છે તો જરા સૂકાયેલાં કપડાં લઈ આવું. કાકા ઊભા થયાં એટલે તરત જ મહાત્માજીએ પૂછ્યું, ‘‘કેમ ઊભા થયાં ?’’ એટલે કાકાએ પ્રત્યુત્તર આપ્યો ‘મહાત્માજી, બહાર વરંડામાં માતાજીનાં કપડાં સૂકાય છે તે જરા લઈ આવું અને વાળી દઉં.’ મહાત્માજીએ તરત જ કહ્યું, ‘બેસી જાવ. કઈ કરવાનું નથી.’ કાકાએ સહજતાથી પૂછ્યું, ‘‘પણ એમાં વાંધો શું છે ?’’ મહાત્માજી બોલ્યા, ‘‘કાલે તમે કરવા આવવાના છો ? તે મારું કામ છે અને હું જ કરીશ. એટલે તમારે તેની ચિંતા કરવાની જરૂર નથી.’’ આમ પોતાનું કામ પોતે જાતે જ કરવાનું એવો ગુણ બાળપણથી જ પ્રભુમાં હતો જે જીવનભર તેમની સાથે જ રહ્યો.

૩. મહાત્માજી એકવાર હિમાલયથી પરત આવ્યા ત્યારે કાકાએ મહાત્માજીને પૂછ્યું કે મહાત્માજી તમે મને આટલા ભાવથી પત્રો લખો છો તો મારે તમારી સાથે રહીને કંઈ કામ કરવાનું છે ? મારા જીવનનું લક્ષ્ય શું હોવું જોઈએ ? મારે મારા જીવનમાં શું કરવાનું છે તો મહાત્માજીએ કહ્યું કે જગદંબાને પૂછીને કહીશું. બે-ચાર દિવસ પછી કાકાએ ફરી પ્રભુને પૂછ્યું અને યાદ કરાવ્યું. ત્યારે

મહાત્માજીએ ખૂબ સરસ પ્રત્યુત્તર આપ્યો કે ''જગદંબા એમ કહે છે કે, તમે જીવ અને જીભ બેનું કામ કરશો.'' એટલે ત્યારે કાકાને કઈ સમજાયું નહીં. હવે આજે એ વાત સમજાય છે કે જીવનું કામ એટલે અધ્યાત્મનું કાર્ય, બીજાના જીવનમાં ઈશ્વર પ્રત્યે શ્રદ્ધા જગાડવાના કાર્ય માટે પ્રભુએ આજીવન નિમિત્ત બનાવ્યા. અને જીભનું કાર્ય એટલે પૂજ્ય શ્રી અને પૂજ્ય'મા'ના ગુણોનું વર્ણન અને એમની સાથે બનેલા પ્રસંગોની વાતો લોકો સમક્ષ મૂકવાનું કાર્ય. પરંતુ એ સમયની વાત જીવનમાં આજે યથાર્થ થતી જણાય છે. એટલે આપણા પૂ.શ્રીના એક-એક શબ્દનું મૂલ્ય આજે સમજાય છે.

૪. એકવાર શ્રી નારાયણભાઈ અને બીજા સત્સંગી સાથે પ્રભુ મહેસાણામાં તારંગા યાત્રા પર ગયા. ત્યાં દેરાસરમાં દર્શન કરી અને પાછા ફરતા હતા. તે વખતે જિલ્લામાં બધે પાકા રસ્તાઓ ન હતા. એટલે નદી-નાળામાંથી ગાડી પસાર થઈ અને ગાડીમાં કંઈક ખરાબી થઈ. ને એન્જિનને કાંઈક નુકશાન થયું. તેને કારણે ગાડી વારે-વારે બંધ થઈ જતી હતી. શું થયું હતું તે સમજાતું ન હતું. શ્રી નારાયણભાઈને થોડી ચિંતા થઈ. એ લોકો ૮ વાગ્યાના નીકળેલા હતા ૧૨-૧ વાગ્યા સુધી હજી આ જ પરિસ્થિતિ હતી. આવી પરિસ્થિતિમાં પણ પ્રભુ એકદમ સ્થિર અને પ્રસન્નોચિત્ત હતા. કાકાએ કહ્યું કે મહાત્માજી આપને ખૂબ કષ્ટ પહોંચ્યું પણ કોઈ ઉપાય નથી અમે શું કરી શકીએ ? પ્રભુ કહે, ''જે કરવાનું છે અને થઈ શકે તેમ છે તે તો તમે કરી જ રહ્યા છો અને તે હું જોયા કરું છું એટલે મને શાંતિ છે. ઘરે પણ બેસવાનું જ હતું ને અહીં પણ બેઠા જ છીએ, ધીરજથી બેઠા છીએ. તેમાં ચિંતા કરવાનું કોઈ કારણ જ નથી. ત્યારે કાકાને થયું કે આ મહાપુરુષમાં કેટલી ધીરજ અને સ્થિરતા છે.'



૫. એકવાર મહાત્માજી, માતાજી અને પૂ.'મા' ભાવનગર હતાં. તે દિવસે અગિયારસનો દિવસ હતો. એટલે ફરાળ બનાવેલું હતું. એટલે બનાવ્યા પછી બધું પીરસવામાં આવ્યું. માતાજીએ કહ્યું કે આ બધું ફરાળ તો છે પણ શીંગનો લાડુ મળી જાય તો વધારે સારું હતું. આમ આ રીતે માતાજીએ લાડુ ખાવાની ઈચ્છા પ્રદર્શિત કરી. એટલે પ્રભુએ શ્રી સરસ્વતીબેનને કહ્યું કે આ બધું ફરાળ તો છે, પણ માતાજીને જેની ઈચ્છા છે તે નથી. એટલે સરસ્વતીબેને કહ્યું કે કહોને મહાત્માજી શેની ઈચ્છા છે ? એટલે મહાત્માજીએ સંકોચ પામતાં કહ્યું કે માતાજીને શીંગનો લાડુ ખાવાની ઈચ્છા થઈ છે. તો તરત જ સરસ્વતીબેને કહ્યું કે ઘરમાં શીંગનો ભૂકો તૈયાર જ છે. હમણાં જ બનાવીને લઈ આવું. ને પછી માતાજીએ શીંગનો લાડુ લીધો. તેવી જ રીતે બીજી વાર શ્રાવણ માસમાં માતાજીને કેરી ખાવાની ઈચ્છા થઈ ત્યારે પ્રભુએ શ્રી નારાયણભાઈને વાત કરી એટલે તેમણે એક જાણીતા ફ્રૂટવાળાને કહ્યું અને તેણે કહ્યું ૨-૩ દિવસ રાહ જુઓ. હું મુંબઈથી મંગાવી આપું. એ રીતે કેરીની પણ વ્યવસ્થા થઈ હતી. એટલે માતાજીને કોઈ ઈચ્છા થઈ હોય તો તે પૂરી કરવાની ઝંખના પ્રભુના દિલમાં કેવી તીવ્ર હશે ! કેવો માતૃપ્રેમ !

૬. જ્યારે પ્રભુ અને પૂ.'મા' ૧૯૮૩ જુલાઈમાં ભાવનગર પધારવાના હતાં ત્યારે પ્રભુના ઉતારાની વ્યવસ્થા કરવાની હતી. અને તે માટે શ્રી નારાયણભાઈ અમુક દિવસો અગાઉથી તપાસ કરી રહ્યા હતા પણ પ્રભુને અનુકૂળ આવે એવી કોઈ સરસ જગ્યા મળતી ન હતી. આમ દિવસો પસાર થઈ ગયા. ને પ્રભુ આવવાના હતા તે દિવસ આવી ગયો. હવે શ્રી નારાયણભાઈને ચિંતા થવા માંડી કે હવે શું થશે ? એમ વિચાર કરતાં તે માર્કેટમાં શાકભાજી લેવા ગયા. પ્રભુ આવવાના હતા એટલે બીજા અમુક

લોકોને પણ કહી રાખેલું ઘર શોધવા માટે. એટલે કાકા ગયા ને તરત જ એક ભાઈ ઘરે આવ્યા અને સરસ્વતીબેને કહ્યું ત્યારે તે ભાઈ કાકા પાસે શાક માર્કેટમાં પહોંચી ગયા અને કહ્યું કે બે ઘર મળ્યા છે એક ભાઈનું ઘર તો પાંચ ઓરડાનું છે તે આજે જ મુંબઈથી આવવાના છે તો એ આવશે તો એ ઘરની વ્યવસ્થા થઈ જશે. એટલે કાકાને થોડી હાશ થઈ. પણ થયું એવું કે ભાઈ આવ્યા તો ખરા પણ ઘરની ચાવી ન લાવ્યા અને ફરી પાછી મૂંઝવણ ઊભી થઈ. શ્રી નારાયણભાઈની આંખમાં આંસુ આવી ગયા અને મનોમન પ્રાર્થના થઈ કે પ્રભુ જો મારું જ ઘર મોટું હોત તો કોઈ તકલીફ જ ઊભી ન થાત. હવે એવી શક્તિ આપો કે ભવિષ્યમાં તમે જ્યારે પણ આવો ત્યારે અમે ઉપર આપનો આવાસ બનાવી શકીએ. હવે પેલા ભાઈ ચાવી ભૂલી ગયા હતા તે ભાઈને કદાચ ઈશ્વરે જ પ્રેરણા આપી હશે એટલે તેણે તાળું તોડાવી નાખ્યું અને પછીથી ત્યાં મા-પ્રભુની રહેવાની વ્યવસ્થા થઈ. પણ કાકાએ પેલો સંકલ્પ કરેલો તે પણ અમુક વર્ષો પછી પ્રભુએ પૂર્ણ કર્યો અને ઉપર ઘરનું નિર્માણ થયું. અને 'મા' ત્યાં રહેવા પણ આવ્યાં. આ રીતે શ્રી નારાયણભાઈ અને તેમના પરિવાર સાથે પ્રભુ સતત રહ્યા. અને આજે પણ આ પરિવાર અને તેમની ત્રીજી પેઢી સુધીનાં બાળકો મા-પ્રભુ સાથે જોડાયેલા છે. શ્રી નારાયણભાઈના સંસ્કારોનું બીજ આજે વટવૃક્ષ થઈને ફૂલો અને ફળો સ્વરૂપે વિકસિત થયું છે. તેમની ગુરુભક્તિ અને ગુરુ પ્રત્યેનો અનન્ય પ્રેમ સૌને સ્પર્શે તેવો છે. અંતે પૂજ્યશ્રી, પૂજ્ય માતાજી અને પૂ.'મા'નાં ચરણોમાં પ્રણામ તેમજ શ્રી નારાયણભાઈ અને શ્રી સરસ્વતીબેનના ચરણોમાં પ્રણામ.

**–શ્રી સુકૃતિ જાની**



# ॥ લક્ષ્મણની પવિત્રતા ॥

વાલ્મીકિ રામાયણનો પ્રસંગ છે. પ્રસંગ બહુ મોટો નથી, પણ ભારતીય સંસ્કૃતિ બહુ મોટાં મૂલ્યોથી ભરેલી છે.

વનવાસનાં વરસો દરમિયાન પંચવટીમાં રાવણે સીતાનું હરણ કર્યું. રામ સુવર્ણમૃગના રૂપમાં રહેલા મારીચનો વધ કરી પંચવટીમાં લક્ષ્મણ સાથે પાછા આવ્યા. ત્યારે આશ્રમને એમણે સૂનો જોયો. એમનું હૃદય રડી ઊઠ્યું. 'હા સીતા ! હા સીતા !' કરતા એ લગભગ મૂર્છિત જેવા થઈ શોક કરવા લાગ્યા. સીતા ક્યાં ગઈ હશે એની એમને ચિંતા થવા લાગી. વનમાં રહેનાર કોઈ રાક્ષસો એને ઉઠાવી ગયા હશે, એવી આશંકા એમને થઈ રહી.

સીતા વિનાનો આશ્રમ એમને ખાવા ધાવા લાગ્યો. એ આશ્રમમાં રહેવાનું એમને માટે મુશ્કેલ હતું. છેવટે એ લક્ષ્મણ સાથે સીતાની શોધમાં નીકળી પડ્યા.

વનના માર્ગો ત્યારે ઘણા ભયંકર હતા. જંગલી જનાવરો અને રાક્ષસોથી ભરેલા એ માર્ગો પરથી પસાર થવાનું કામ કંઈ સહેલું ન હતું. છતાં વનમાં રહેવા ટેવાયેલા રામ ને લક્ષ્મણ વનમાં આગળ વધવા માંડ્યા. રસ્તામાં કોઈ મુનિના આશ્રમ આવતા, તો એ ઘડી-બે ઘડી આરામ કરતા ને સીતાની માહિતી મેળવવાનો પ્રયાસ કરતા. પરંતુ સીતાની સાચી માહિતી કોઈ ન આપી શકતું એટલે એમનું દુઃખ વધી જતું. રામની દશા અત્યંત કરુણ હતી. એમનાં નેત્રોમાંથી આંસુ ટપક્યે જતાં. લક્ષ્મણથી એમનું આક્રંદ અથવા તો વિરહદુઃખ જોયું નહોતું જતું. લક્ષ્મણને પોતાને પણ દુઃખ થતું. પરંતુ કરવું શું ? એના હાથની વાત થોડી જ હતી ? એના હાથમાં હોત તો આકાશ અને પાતાળ ફોડીને પણ એ સીતાને લઈ આવત ને રામને સુપ્રત કરત. પરંતુ બાજી એના હાથની બહાર હતી.

રસ્તામાં જટાયુ મળ્યો. એની વાત પરથી શ્રીરામે જાણ્યું કે લંકાનો રાજા રાવણ સીતાને હરી ગયો છે. જટાયુ રાવણ સાથેના યુદ્ધમાં ઘવાયો હતો અને રામને આટલા સમાચાર આપવા જીવતો રહ્યો હતો. રામની કૃપાથી એને શાંતિ મળી અને એની સદ્‌ગતિ થઈ. પછી શ્રીરામ આગળ વધ્યા. થોડા દિવસ પછી પ્રસંગ બન્યો.

વિરહમાં ડૂબેલા રામે રસ્તામાં એક ઘરેણું જોયું. કુંડલ રાવણના હાથમાં પડેલી અસહાય સીતાએ વિમાનમાંથી એને નીચે નાખી દીધું હતું-એવી આશાએ, કે કોઈકવાર એના પર શ્રીરામની નજર પડશે ને પોતે કઈ દિશામાં ગઈ છે તેનું એમને જ્ઞાન થશે.

કુંડલને જોઈ શ્રીરામ ગળગળા થઈ ગયા. આ કુંડલ સીતાનું તો નહીં હોય ? સીતાના શરીર અને એની પરના ઘરેણાને ધારીધારીને નિરખ્યે એમને કેટલો બધો વખત થયો હશે ? એટલે કુંડલને એ સહેલાઈથી ઓળખી શક્યા નહીં.

'લક્ષ્મણ, ભાઈ ! જરા જો તો ખરો કે આ કુંડલ કોનું છે. સીતાનું કે નહીં ? વનમાં તું આટલો બધો વખત સાથે રહ્યો છે. એટલે સીતાના કુંડલને અવશ્ય ઓળખતો હોઈશ.'

એટલું કહીને કુંડલ એમણે લક્ષ્મણના હાથમાં મૂકી દીધું.

પરંતુ લક્ષ્મણે તરત કહ્યું : 'રામ, હું સીતાના કુંડલને નથી ઓળખતો. ફક્ત સીતાનાં ઝાંઝરને ઓળખી શકું છું-કેમ કે મને એમના ચરણમાં પ્રણામ કરવાની ટેવ છે.'

લક્ષ્મણના ઉત્તરથી રામને કેટલો બધો આનંદ થયો, તે તો કોણ કહી શકે ? પરંતુ આપણને તો આનંદ થાય છે જ. વાલ્મીકિ રામાયણના જે કેટલાક મહત્ત્વના પ્રસંગો છે, તેમાં આ પ્રસંગ અતિ મહત્ત્વનો છે. એનું આગવું સ્થાન છે. આ પ્રસંગ લક્ષ્મણની



પવિત્રતાના પ્રતીક જેવો છે. લક્ષ્મણ ઘરમાં ને બહાર, મહેલમાં અને વનવાસમાં, વરસો દરમિયાન, જે અણીશુદ્ધ સંયમનું પાલન કર્યું હતું, તેનો આ શ્લોક દસ્તાવેજી પુરાવો છે. આજના ઘોર વિલાસી યુગમાં લક્ષ્મણની આ બધી વાણી કોઈને વેવલાપણામાં ખપવા જેવી લાગતી હશે, પરંતુ જે સંસ્કૃતિએ 'પરસ્ત્રી માત સમાન'નો ઉપદેશ આપ્યો છે, એ સંસ્કૃતિના બે મહત્ત્વના પાત્રોમાંથી એક પાત્રની આ વાણી છે. એ યાદ રાખવાનું છે. જીવનને શુદ્ધ બનાવવાની આજે પણ એનામાં શક્તિ છે.

**–શ્રી યોગેશ્વરજી**

## ॥ બુદ્ધિની શ્રેષ્ઠતા ॥

રામાયણમાં એક સુંદર, પ્રેરક, રોચક પ્રસંગ છે. મહર્ષિ વાલ્મીકિ તથા સંત તુલસીદાસ બંનેએ પોતપોતાની રામાયણમાં એનું વર્ણન કરેલું છે.

એ પ્રસંગ હનુમાન અને સુરસાનો છે.

સીતાની શોધ કરવા માટે જામવંતનાં વચનોથી ઉત્સાહિત થઈને હનુમાનજીને સમુદ્રને પાર કરીને લંકામાં પહોંચવા માટે તૈયાર થયા. સૌને વંદન કરીને હૃદયમાં રામને ધારણ કરીને પ્રસન્નતાપૂર્વક આગળ વધીને સમુદ્રના તટ પરના એક પર્વત પર ચઢીને એ આકાશમાર્ગે ચાલી નીકળ્યા.

દેવોએ એમને પ્રયાણ કરતા નિહાળીને સર્પોની માતા સુરસાને એમના બળ અને બુદ્ધિની પરીક્ષા કરવા મોકલી.

એણે હનુમાનજી પાસે પહોંચીને કહ્યું, 'આજે મારા સૌભાગ્યનો સૂરજ ઊગ્યો છે. કારણ કે દેવતાઓએ મને ઉત્તમ આહાર મોકલી આપ્યો છે.'

હનુમાને એને જણાવ્યું કે હમણાં હું ખૂબ જ જરૂરી કામે જઈ રહ્યો છું માટે મને જવા દે. મારા કાર્યમાં વિઘ્નરૂપ ન થા. રામના

આદેશાનુસાર સીતાને શોધીને પાછો આવું ને સીતાના સમાચાર રામને સંભળાવું પછી તારી પાસે આવી પહોંચીશ. તે વખતે તું મને ખાઈ જજે.

પરંતુ સુરસા એવી રીતે ભોળવાઈને હનુમાનની માગણીને મંજૂર કરે તેવી ન હતી. એણે તો હનુમાનને મારી નાખવાનો મક્કમ નિર્ધાર કરેલો. એટલે એ એમનો (હનુમાનજીનો) રસ્તો રોકીને ઊભી રહી.

હનુમાનને ગળી જવાના ઉદ્દેશથી એણે પોતાની માયાનો આશ્રય લઈને પોતાના વદનનો વિસ્તાર એક યોજન જેટલો કરી દીધો.

હનુમાને એથી જરા પણ અંજાયા વિના પોતાના વદનનો વિસ્તાર એના કરતાં બમણો કરી દીધો.

સુરસાએ પોતાનું મુખ સોળ યોજન જેટલું મોટું કર્યું તો હનુમાને એથી બમણું સ્વરૂપ ધારણ કર્યું.

આ બંનેમાં એવી રીતે એક પ્રકારની હરીફાઈ ચાલી.

સુરસા એના મુખને મોટું કરતી ગઈ અને હનુમાનજી એના કરતાં ઉત્તરોત્તર મોટું ને મોટું રૂપ ધરતા રહ્યા.

એમ કરતાં કરતાં સુરસાએ મુખને સો યોજન જેટલું વિશાળ કર્યું. એ વખતે એની ભયાનકતાનો પાર ન રહ્યો. એ ખૂબ જ બળવાન હતી. હનુમાને વિચાર્યું કે આ આસુરી શક્તિ સંપત્તિવાળી રાક્ષસી સામે કેવળ બળનું પ્રદર્શન કરવાથી કાંઈ જ નહિ વળે. એની સામે તો બુદ્ધિનો પ્રયોગ જ કરવો પડશે. બળથી નહિ પરંતુ કળથી કામ લેવું જોઈશે.

એવું વિચારીને એમણે પોતાના રૂપને અતિશય નાનું કરી દીધું ને સુરસાના વિશાળ વિશ્વવ્યાપી વદનમાં પ્રવેશીને તરત બહાર નીકળીને એને પ્રણામ કરીને લંકાપ્રવેશ માટે આગળ વધવાની અનુજ્ઞા માગી.



એ જોઈને સુરસા પ્રસન્ન થઈ ને બોલી, 'દેવોએ મને જે કામ માટે મોકલેલી તે તારી શક્તિની કસોટી કરવાનું કામ પૂરું થયું. તું બળવાન તો છે જ પરંતુ સાથે સાથે ખૂબ જ બુદ્ધિશાળી પણ છે. એની મને ખાતરી થઈ. તું રામનું કામ સારી રીતે કરી શકીશ. હું તને તે માટે અંતઃકરણપૂર્વકના આશીર્વાદ આપું છું.'

હનુમાનને આશીર્વાદ આપીને સુરસા વિદાય થઈ એટલે હનુમાનજી રામનું કાર્ય કરવા માટે આગળ વધ્યા.

તુલસીકૃત રામાયણના સુંદરકાંડમાં સંક્ષેપમાં છતાં સરસ રીતે આલેખાયેલો આ પ્રસંગ શું સૂચવે છે ? એ જ કે કેટલીયવાર બહારના બળ કરતાં બુદ્ધિબળ વધી જાય છે. જે પ્રશ્નો કે સમસ્યાઓનો ઉકેલ નથી થતો તેમનો ઉકેલ કળથી થઈ જાય છે. પશુબળ સામે ઝઝૂમવામાં તે તેને પરાસ્ત કરવામાં પણ કેટલીકવાર બુદ્ધિ જ મહત્ત્વનો ભાગ ભજવતી હોય છે. કેટલાકનું કહેવું છે કે બળની સામે બળ જ ટકી શકે છે, માટે જગતમાં જે વિઘાતક બળોનો વિકાસ થઈ રહ્યો છે, એમનો પ્રતિકાર કરવા માટે એવી જ વિઘાતક તૈયારી કરવી જોઈએ. એવી માન્યતાવાળી પ્રજા શસ્ત્રસજ્જ થાય છે. એટલું જ નહિ પણ શસ્ત્રોની હોડમાં પડે છે. એવી રીતે એક બાજુ ભૌતિક શક્તિ, શસ્ત્રશક્તિ, સુરસા છે ને બીજી બાજુ માણસની બુદ્ધિ સૂઝ કે માનવતા હનુમાન છે. બંને વચ્ચેના ઘર્ષણમાં અંતિમ વિજય બળનો નહિ પરંતુ બુદ્ધિનો અને દાનવતાનો નહિ પરંતુ માનવતાનો થશે, એટલી આશા આપણે અવશ્ય રાખીએ. સંસ્કૃતિની સુરક્ષા તથા શાંતિ માટે એ આવશ્યક છે. વિકાસની આગેકૂચમાં સુરસાને નહિ પણ હનુમાનને આદર્શ માનીને આગળ વધનારી પ્રજા જ સફળ થાય છે ને વિજયી બને છે.

**—શ્રી યોગેશ્વરજી**

# ॥ વિભીષણનો ઉત્તર ॥

સીતાની શોધ કરતાં રામના દૂત પરમભક્ત હનુમાનજી જ્યારે લંકામાં ફરવા લાગ્યા ત્યારે તેમણે એક સુંદર ભવન જોયું. એ ભવનમાં ભગવાનનું અલગ મંદિર પણ બનાવેલું. એ ભવન રામનાં શસ્ત્રોના સુંદર ચિત્રોથી સુશોભિત હતું, તથા તેની બહાર તુલસીક્યારો હતો.

એવા પવિત્ર વાયુમંડળના ભવનને નિહાળીને હનુમાનજીને સ્વાભાવિક રીતે જ આનંદ થયો. એમને થયું કે, લંકાનગરી તો રાક્ષસોથી ભરેલી છે. આવી રાક્ષસી વૃત્તિવાળી નગરીમાં કોઈ સજ્જન કે ભગવદ્ ભક્તનો નિવાસ કેવી રીતે હોઈ શકે ?

એવા એવા અનેક તર્ક એમના મનમાં પેદા થતા હતા તે જ વખતે એમણે રામનામનો સુમધુર ધ્વનિ સાંભળ્યો. એથી તો એમના હરખનો પાર ના રહ્યો.

વાત એમ હતી કે વિભીષણ રાત્રિના પાછલા પ્રહરમાં જાગ્યા હતા અને રામનામની પાવન સરિતામાં સ્નાન કરતા'તા.

બ્રાહ્મણનું રૂપ જોઈને હનુમાનજીએ વિભીષણને ઉદ્દેશીને થોડાંક વચનો કહ્યાં. એ સાંભળીને વિભીષણે એમની પાસે આવીને એમનો પરિચય પૂછ્યો.

ત્યારે હનુમાનજીએ પોતાનો પરિચય આપ્યો તથા રામની કથા પણ કહી સંભળાવી. રામનાં ગુણગાન સાંભળીને વિભીષણનું શરીર પુલકિત બની ગયું અને મન પ્રેમના પવિત્ર પારાવારમાં જાણે કે ડૂબી ગયું. એમણે ભાવવિભોર બનીને ગદ્ગદ્ કંઠે કહેવા માંડ્યું કે રામચંદ્રજી મને અનાથ જાણીને મારા પર કોઈ દિવસ દયા કરશે ખરા ? શરીરથી કોઈ જાતનું સાધન થઈ શકતું નથી. ને મનમાં એમના ચરણકમળની પ્રીતિ નથી. તમારાં દર્શનનો લાભ મળ્યો તેને હું રામની મોટી કૃપા



સમજું છું. કેમ કે હરિની કૃપા વિના સંતોનો સમાગમ નથી થઈ શકતો એવો મારો વિશ્વાસ છે.

હનુમાજીએ ઉત્તર આપતાં કહેવા માંડ્યું કે રામ પોતાના સેવક પર સદા પ્રેમ રાખે છે. એવો એમનો સ્વભાવ છે. મારામાં કોઈ પ્રકારની વિશેષ યોગ્યતા નથી ને ચંચળતા પણ ઘણી છે છતાં એમનો મારા પર ઘણો પ્રેમ અને અનુગ્રહ છે.

એવું કહેતાં કહેતાં હનુમાનજીની આંખ પણ ઉભરાઈ આવી. આવા આસુરી વૃત્તિથી વીટંળાયેલા વાતાવરણમાં તમે કેવી રીતે વાસ કરો છો ? ત્યારે વિભીષણે ઉત્તર આપ્યો કે દાંતની વચ્ચે જેવી રીતે જીભ રહે છે તેવી રીતે આ લંકાપુરીમાં વાસ કરું છું.

રામાયણમાં સુંદરકાંડમાં તુલસીદાસજીએ આલેખેલા આ પ્રસંગમાં અને ખાસ કરીને વિભીષણે આપેલા ટૂંકા પણ માર્મિક ઉત્તરમાં ગઈકાલની, આજની અને ભવિષ્યની પ્રજાને માટે વિશેષ શક્તિશાળી સંદેશ સમાયેલો છે. એ સંદેશ કયો છે તે જાણો છો ? માણસો વારંવાર દલીલ કરે છે કે વાતાવરણ વધારે ને વધારે વિકૃત બનતું જાય છે. તથા બધી રીતે પ્રતિકૂળ છે તેમાં રહીને આત્મિક વિકાસ કેવી રીતે કરી શકીએ અથવા તો ઉચ્ચ આદર્શોને અને જીવનનાં નૈતિક મૂલ્યોને કેવી રીતે વળગી રહીએ ? જમાનો તથા વાતાવરણ તદ્દન વિપરીત છે. એવા માણસોએ વિભીષણના શબ્દોને યાદ રાખીને એમાંથી બોધપાઠ લેવાનો છે. વિભીષણે વાતાવરણનો દોષ નથી કાઢ્યો એ તો લંકાના વિકૃત વાતાવરણની વચ્ચે રહીને પણ પોતાના જીવનને ઈશ્વરપરાયણ બનાવી ચૂક્યા છે. એવી રીતે વાતાવરણનો દોષ કાઢીને બેસી રહેવાથી કંઈ જ નહિ વળે. બહારનું વાતાવરણ આપણે માટે સંપૂર્ણપણે સારું થાય કે ન થાય તેની વધારે પડતી ચિંતા કર્યા વિના, આપણી અંદરનાં વાતાવરણને બને તેટલું સારું બનાવવાની આવશ્યકતા છે.

વિભીષણ દાંતની વચ્ચે રહેતી જીભનો ઉલ્લેખ કરી બતાવે છે તે

શું સૂચવે છે ? દાંતની વચ્ચે જેમ જીભ અત્યંત સંભાળપૂર્વક હરેફરે છે તેમ પવિત્ર, સદાચારી અને ઈશ્વરપરાયણ જીવન જીવનાર કે જીવવા માગનારે સંસારના વિરોધાભાસી વાતાવરણમાં અત્યંત સંભાળીને જાગૃતિપૂર્વક જીવવું જોઈએ, જે જાગૃત કે સાવધાન છે તે સદાને સારું સલામત રહે છે. અસાવધાની, પ્રમાદ કે ગફલત મરણ છે અને જાગૃતિ જીવન છે. જીવનના વિકાસના આધારે પળેપળે જાગૃત રહેવાનું છે. પળેપળે આત્મનિરીક્ષણ કરી, પોતાની ત્રુટિઓને દૂર કરી પોતાની સત્ત્વસંપત્તિને વધારતા રહેવાનું છે. લંકાના વિકૃત વાતાવરણની વચ્ચે વસીને પણ વિભીષણે પોતાના જીવનને નીતિપરાયણ કરીને રામની કૃપાનો લાભ મેળવ્યો તેવી રીતે જીવનને નીતિપરાયણ કરીને આપણે પણ ઈશ્વરનો અનુગ્રહ મેળવવાનો છે. પાશવી બળો આપણને હતાશ કે હતપ્રભ ના કરે, જીવનવિકાસની આપણી શ્રદ્ધાને ન હણે તથા આપણા માર્ગમાં વિઘ્નરૂપ ના બને, એ ખાસ જોવાનું છે. રામાયણમાં વર્ણવેલો હનુમાન તથા વિભીષણનો પ્રસંગ આપણે અવારનવાર વાંચીએ કે સાંભળીએ છીએ, પણ એમાંથી આપણે એવો પ્રેરક શક્તિસંચારક સંદેશ શીખવાનો છે.

**–શ્રી યોગેશ્વરજી**

## ॥ ખિસકોલી જેવી ભાવના ॥

રામાયણના વખતનો નાનકડો છતાં સુંદર સારવાહી પ્રસંગ છે.

એ પ્રસંગની પાછળ કવિની કલ્પનાએ પણ થોડું કામ કર્યું હોય એવો સંભવ છે.

છતાં પણ એ પ્રસંગ અત્યંત રસમય અને ઉલ્લેખનીય છે એ તો નક્કી જ.

રાવણે સીતાનું હરણ કર્યું, તે પછી સીતાને પાછી મેળવવા માટે રામે સાગરને પાર કરીને લંકા જવાની તૈયારી કરી.

પરંતુ સાગરને બીજે કિનારે જવું કેવી રીતે ?



વિશાળ અથવા અસીમ સાગરને પાર કરવાનું શું સહેલું છે ?

તો પણ સાગરને નાથવાની જરૂર તો હતી જ. રામમાં એને માટેનું જરૂરી સંકલ્પબળ હતું.

એ સંકલ્પબળની સાથે નલ અને નીલનું જન્મજાત અસાધારણ બળ ભળ્યું, ને એના પરિણામરૂપે સાગરને પાર કરવાનું કઠિન કામ સહેલું બન્યું, સાગર પર સેતુ બંધાવા માંડ્યો.

રામ અને સીતાના પુનર્મિલનના પુણ્ય કામમાં મદદરૂપ થનારો એ સુંદર સૌભાગ્યવાન સેતુની રચનામાં નલ અને નીલે તો પોતાનો મહામૂલ્યવાન અજોડ ફાળો આપ્યો જ. પરંતુ રામના સખા ને સહચર વાનરયોદ્ધાઓએ પણ મદદ કરી.

કહે છે કે સેતુની રચનામાં સહાયક થવાની ભાવનાથી એક ખિસકોલી પણ ત્યાં આવી પહોંચી.

એની કાયા નાની છતાં ભાવના મોટી હતી. એ ભાવનાથી પ્રેરાઈને એણે શું કરવા માંડ્યું તે જાણો છો ? એને થયું કે આ તો એક મહામૂલ્યવાન યજ્ઞ થઈ રહ્યો છે. એ લોકોપકારક યજ્ઞમાં જ્યારે સૌ કોઈ પોતાપોતાના ગજા પ્રમાણેની આહુતિ આપી રહ્યાં હોય ત્યારે મારાથી નિષ્ક્રિય બેસી કેવી રીતે રહેવાય ? તટસ્થ પ્રેક્ષકની પેઠે સેતુરચનાનું નિરીક્ષણ કરવા કરતાં મારે તેમાં બનતો ફાળો આપવો જોઈએ.

બસ, પછી તો એ ભાવનાનો અમલ કરવામાં વિલંબને કારણ જ ક્યાં હતું ? ખિસકોલીએ તો પોતાની નાનીસરખી સાધના શરૂ કરી. પોતાના મુખની મદદથી કિનારા પરથી રેતી લાવીલાવીને એણે સેતુ માટે નાખવા માંડી. સ્વભાવસહજ ચપળતાથી એણે એ કામ કરવા માંડ્યું.

કામ સાધારણ હતું, પરંતુ એની પાછળનું દિલ એકદમ અસાધારણ.

રામની વેધક, ગુણગ્રાહી, દૈવી દૃષ્ટિથી એ દિલ કેવી રીતે

છૂપું રહી શકે ?

એમણે ખિસકોલીના અનુરાગપૂર્ણ અંતરને ઓળખી લઈ, એની પાછળની ભાવનાને પિછાની, એની કોમળ કાયા પર હાથ મૂક્યો. ખિસકોલીને જાણે કે પારિતોષિક મળી ગયું. એનું પ્રત્યેક પરમાણું પ્રફુલ્લ પ્રફુલ્લ બની ગયું. આટલી સાધારણ સેવા પણ શ્રીરામના ધ્યાન બહાર રહે તો તે રામ શેના ? એ સેવાથી કાંઈ સેતુ તૈયાર નહોતો થવાનો. છતાં પણ એ સેવા સેવા જ હતી અને એને પોતાનું આગવું મૂલ્ય હતું એની કોણ ના કહી શકશે ?

કહે છે કે ખિસકોલીના શરીર પર રામે હાથ મૂક્યો ત્યારથી એના પર અંગુલીનાં નિશાન પડી ગયાં છે. આ વાતને વાત જ માનીએ અને એની વિશેષ ચર્ચાવિચારણમાં ન ઊતરીએ તો પણ, એના પરથી આપણે જે સાર તારવવાનો છે તેને તો કશી હરકત નથી જ આવતી. આપણા સૌનું ધ્યાન એ સાર તરફ રહે તે જરૂરી છે.

સીતા શાંતિ અથવા તો સમૃદ્ધિ છે. દેશની એ શાંતિ તથા સમૃદ્ધિરૂપી સીતાનું કેટલાય કાળથી હરણ થયું છે. એના વિના દેશના આત્મરૂપી રામની દશા કફોડી છે. એ વ્યગ્ર છે, વ્યાકુળ છે, દીન છે અને હીન છે, એને આરામ નથી. અને ક્યાંથી હોય ? પોતાની ચિરકાળથી ખોવાયેલી શાંતિસમૃદ્ધિને એ ઝંખે છે. ફરી મેળવવા માંગે છે અને એને માટે પુરુષાર્થ પરાયણ થઈને સેતુ પણ બાંધે છે. એ સેતુનિર્માણમાં એને દેશના નેતા, વિચારક તથા સેવકોનો સાથ અને સહકાર છે. પરંતુ દેશના નવનિર્માણનો એ યજ્ઞ, સુખ, શાંતિ ને સમૃદ્ધિને મેળવી આપનારો એ સેતુ, એટલા માત્રથી જ પૂરો થઈ શકશે ? એમાં સૌએ પોતપોતાનો યથાશક્તિ ફાળો આપવો પડશે. એક મંગલ કર્તવ્ય સમજી, ધર્મ માની, પ્રત્યેક દેશવાસીએ પોતપોતાની રીતે ખિસકોલી બનીને દેશના અભ્યુત્થાનને માટે બનતો ત્યાગ કે પુરુષાર્થ કરવો રહેશે. એ વિશાળ યજ્ઞમાં સૌએ આહુતિ આપવી પડશે. સૌનો સહકાર જોઈશે. નાનીમોટી સર્વ પ્રકારની



સેવાની એમાં જરૂર રહેશે ત્યારે જ તે સફળ થશે કે સાર્થક ઠરશે.

દેશને માટે ફના થવાની કે કાંઈક કરી છૂટવાની એ ભાવના, વિચારણા ને વૃત્તિને પ્રકટાવવાની અને પ્રબળ બનાવવાની જરૂર છે. પ્રત્યેક દેશવાસીના દિલમાં એવી ભાવના પેદા થશે અને એને મૂર્તરૂપ મળશે ત્યારે દેશના નવનિર્માણનો એ સેતુ અવશ્ય તૈયાર થઈ જશે. દેશનાં અનેક અનિષ્ટોનો અંત આવશે. રાવણ રણમાં રોળાશે. ને દેશ એક વાર ફરી શાંતિ, સદાચાર તથા સમૃદ્ધિરૂપી સીતાથી સંયુક્ત બનશે. સૌ એ સેતુની રચનામાં સહકાર આપે. કોઈ ભૂલેચૂકે પણ એને તોડીફોડી નાખવાની વૃત્તિપ્રવૃત્તિ તો ન કરે કે એવી વૃત્તિપ્રવૃત્તિને સાથ પણ ન આપે.

**–શ્રી યોગેશ્વરજી**

## ॥ ભક્તની અનન્યતા ॥

તુલસીકૃત રામાયણમાં આવિર્ભાવ પામેલી સંત તુલસીદાસની લોકોત્તર કળાનો વિશેષ રસાસ્વાદ ચાખવો હોય તો આવો, એમાં વર્ણવેલા એક નાના સરખા, છતાં સુંદર પ્રસંગ પાસે પહોંચી જઈએ.

પ્રસંગ લંકાકાંડનો છે. સમુદ્ર પર સેતુ બાંધી ભગવાન રામ પોતાની વિશાળ વાનરસેના સાથે ‘સુબેલ’ પર્વત પર આવ્યા.

એ પર્વતના એક સુંદર પ્રદેશ પર લક્ષ્મણે શ્રીરામ માટે બિછાવેલા આસન પર રામ વિરાજમાન થયા. હનુમાન, સુગ્રીવ, અંગદ તથા વિભીષણ એમની સામે બેઠા. લક્ષ્મણજી હાથમાં ધનુષબાણ ધારણ કરી રામની પાછળ બેસી ગયા.

અને એ શોભામાં વધારો કરતો પૂર્વ દિશામાં ચારુ ચંદ્રનો ઉદય થયો.

અંધકારના આવરણને ભેદી, બહાર નીકળેલો એ સુંદર, શાંત-શીતળ-સુધામય ચંદ્ર-જાણે રામનાં દર્શન માટે આવ્યો હતો !

જોતજોતામાં તો એનાં કોમળ કિરણો બધે ફરી વળ્યાં અને આખું વાતાવરણ અવનવું બની ગયું.

સાગરના ઉત્તુંગ તરંગો ઉછળતા હોય, એની સમીપમાં લીલીછમ સુંદર પર્વતમાળા હોય ને સામેના તારામઢ્યા આકાશમાંથી ચંદ્રનો ઉદય થાય ત્યારે આખુંયે દશ્ય કેટલું બધું આહ્લાદક અને અનોખું બની જાય છે તથા કેટલો બધો રસ પેદા થાય છે, તે કાંઈ કહી બતાવવાની નહિ-અનુભવવાની વસ્તુ છે.

ચંદ્રોદયનું અનુપમ દશ્ય જોઈ બધાનાં અંતર આનંદથી ઉછળવા લાગ્યાં. રામના મનમાં એ જોઈ એક જુદો જ ભાવ પેદા થયો.

એ ભાવવિચારને વ્યક્ત કરતાં એમણે પોતાના પ્રિયજનોને પૂછ્યું, 'ચંદ્રનું સ્વરૂપ છે તો બહુ સુંદર એને નિહાળી મન મુગ્ધ બને છે-પરંતુ એની અંદર જે શ્યામતા છે તે શાને લીધે છે-અથવા એ શું છે, તે સંબંધમાં તમારો વ્યક્તિગત અભિપ્રાય કહી બતાવો. તેથી મને આનંદ થશે.'

રામના શબ્દો સાંભળી સહુ વિચારમાં ડૂબ્યા. પરંતુ થોડીવારે બધાંએ વારાફરતી પોતાની માન્યતા રજૂ કરી.

સુગ્રીવે કહ્યું, 'ચંદ્રમાં શ્યામતા છે તે બીજું કશું નહિ, પણ પૃથ્વીનો પડછાયો છે.'

બીજાએ કહ્યું, 'રાહુ અને ચંદ્ર વચ્ચે ભીષણ યુદ્ધ થયેલું ત્યારે રાહુએ ચંદ્ર પર પ્રહાર કરેલો, તેથી એનું અંતર શ્યામ બની ગયું છે.'

ત્રીજાએ જણાવ્યું, 'બ્રહ્માએ કામદેવની સ્ત્રી રતિનું મુખ બનાવ્યું ત્યારે ચંદ્રનો સારભાગ લઈ લીધેલો. ચંદ્રના દેહમાં તેથી છિદ્ર પડી ગયેલું. જે શ્યામતા છે તે બીજું કાંઈ નહિ પરંતુ એ કાણામાં પડતો આકાશનો પડછાયો છે.'

હવે રામનો વારો આવ્યો એટલે એમણે કહેવા માંડ્યું :

'ચંદ્ર તથા ઝેર બેઉની ઉત્પત્તિ સમુદ્રમંથનના પરિણામે થયેલી



હોવાથી એ બેઉ ભાઈ છે એટલા માટે ચંદ્ર વિષને હંમેશાં પોતાના હૃદયમાં રાખે છે, ને પોતાનાં ઝેરી કિરણો ફેલાવી વિરહમાં ડૂબેલાં નરનારીને દુઃખી કરે છે. મને તો એવું જ લાગે છે.'

આ બધું શાંતિપૂર્વક સાંભળી રહેલા હનુમાને કહ્યું, 'મારો અભિપ્રાય એથી જરા જુદો છે. મને તો લાગે છે પ્રભુ ! ચંદ્ર તમારો ભક્ત હોવાથી તમારી શ્યામમૂર્તિ એના હૃદયમાં વસી ગયેલી હોવાથી તમારી શ્યામતા દેખાય છે.'

હનુમાનજીના શબ્દો સાંભળી શ્રીરામે સ્મિત કર્યું.

એ સુંદર અનોખો પ્રસંગ ત્યાં જ પૂરો થાય છે. ઉપરથી જોતાં તો એ પ્રસંગ સાધારણ લાગે છે-પરંતુ એમાં ઊંડું રહસ્ય છે, 'દૃષ્ટિ તેવી સૃષ્ટિ'ના કુદરતી નિયમ પ્રમાણે સુગ્રીવને ચંદ્રમાં પૃથ્વીનો પડછાયો તેવી જ રીતે રામ એ વખતે સીતાની વિરહ-વેદનાથી દુઃખી હોવાથી ચંદ્રના હૃદયમાં ઝેર છે અને એને પોતાનાં કિરણોથી ફેલાવી એ વિરહમાં ડૂબેલાં નર-નારીને દઝાડે છે એવો અભિપ્રાય એમણે પ્રકટ કર્યો. પરંતુ હનુમાન તો રામના એકનિષ્ઠ ભક્ત હતા. એમના હૃદયમાં રામ વગર બીજું કાંઈ ન હતું, એટલે એ કલ્પના પણ બીજા કોની કરી શકે ? એમને ચંદ્રના હૃદયમાં પણ રામ દેખાયા તથા રામની પોતાની શ્યામતાનો આભાસ લાગ્યો, 'દૃષ્ટિ તેવી સૃષ્ટિ'નો નિયમ એ રીતે સાચો ઠર્યો.

પરંતુ એથી આગળ વધીને વિચારીએ તો એ પ્રસંગમાંથી એક બીજી સાધનાવિષયક હકીકતનો પણ પડઘો પડ્યા વગર નથી રહેતો ? તે પડઘો સાંભળવા જેવો છે. ઊંચી અવસ્થા પર પહોંચેલા ભક્ત અથવા જ્ઞાનીનો એ સ્વભાવ બની જાય છે, કે એ પોતાના ઉપાસ્ય દેવને કે પરમાત્માને સંસારના બધા પદાર્થોમાં જોયા કરે છે. સંસારને તે પોતાના પ્રાણપ્યારા પ્રિયતમ પરમાત્માનું સાકાર સ્વરૂપ સમજે છે ને એ રીતે જ જુએ છે. એની આંખમાં અને અંતરમાં બીજું કાંઈ રહેતું જ નથી. કવિ કલાપીના શબ્દોમાં કહીએ તો,

'જ્યાં જ્યાં નજર મારી ઠરે યાદી ભરી ત્યાં આપની' અને મહાકવિ ન્હાનાલાલની પંક્તિમાં કહીએ તો -

**'નાથ સઘળે બિરાજે રે, સુજનમાં સભર ભર્યા**
**નથી અણુ પણ ખાલી રે, ચરાચરમાંહી ભળ્યા.'**

એ અનુભવ એને માટે સહજ બની જાય છે.

એવો અનુભવ હનુમાનજી માટે સ્વાભાવિક હોવાથી એમના મુખમાંથી એવા શબ્દો નીકળી શક્યા. આ રહ્યા એ તુલસીકૃત રામાયણમાં લખાયેલા એમના મૂળ શબ્દો :

**'કહ હનુમંત સુનહુ પ્રભુ, શશિ તુમ્હાર પ્રિય દાસ;**
**તવ મુરતિ બિધુ ઉર બસતિ, સોઈ શ્યામતા અભાસ.'**

અનન્ય ભક્ત અથવા જ્ઞાનીએ ક્રમેક્રમે આગળ વધી એવી અભેદભાવથી ભરેલી પરમાત્મા દૃષ્ટિ કેળવવી જોઈએ. સાધકોએ એ સંદેશ ધ્યાનમાં રાખવા જોવો છે. કિષ્કિંધાકાંડમાં રામચંદ્રજીએ હનુમાનને એ સંદેશ સંભળાવતાં કહેલું, 'અનન્ય ભક્ત તો એ છે જે પોતાને સદા સેવક સમજે છે ને પરમાત્માનું અથવા પોતાના સ્વામીનું સ્વરૂપ ચરાચરમાં વ્યાપેલું માને છે.'

**'સો અનન્ય જાકે અસિ, મતિ ન ટરઈ હનુમંત;**
**મેં સેવક સચરાચર, રૂપ સ્વામિ ભગવંત.'**

લંકાકાંડમાં ઉપરના પ્રસંગમાં, રામે જાણે કે હનુમાનની કસોટી કરી અને હનુમાનજી એ કસોટીમાંથી સફળતાપૂર્વક પસાર થયા.

**—શ્રી યોગેશ્વરજી**

## ।। સંજીવની બુટ્ટીનો પ્રસંગ ।।

તુસલીકૃત રામાયણની લોકપ્રિયતા આટલી બધી કેમ છે તે જાણો છો ? એની લોકપ્રિયતાનાં કારણો કેટલાંય છે, એની



ચર્ચાવિચારણા અહીં અસ્થાને છે. છતાં પણ એની લોકપ્રિયતાના એક અત્યંત અગત્યના કારણ તરફ અંગુલિનિર્દેશ કર્યા વિના નથી રહી શકાતું કે એની શૈલી, ભાષા ને ભાવના લોકભોગ્ય છે. લોકભોગ્ય ભાષામાં લોકહૃદયને સ્પર્શતા કે અસર કરતાં ભાવો, વિચારો ને પ્રસંગોને એમાં એટલી બધી કળાત્મક રીતે વણી લેવામાં આવ્યા છે તે વાત નહિ ! માટે જ વરસો વીતી ગયાં ને વીતતાં જાય છે. તો પણ એની અસરકારકતા ઓછી નથી થતી.

એ રામાયણના લંકાકાંડમાં એક રસમય, સરળ છતાં માર્મિક પ્રસંગ પર ઊડતી નજર નાખી જોઈએ.

લંકાના ભીષણ યુદ્ધમાં મેઘનાદે લક્ષ્મણને શક્તિ મારીને મૂર્છિત કરી દીધા.

એ જીવલેણ શક્તિના પ્રભાવથી લક્ષ્મણ નીચે ઢળી પડ્યા.

ચારેકોર હાહાકાર થઈ રહ્યો.

લક્ષ્મણને ધરતી પર ઢળેલા જોઈને રામનું હૃદય અતિશય કરુણ બની ગયું ને રડવા લાગ્યું. વિવિધ પ્રકારે મર્મભેદક વિલાપ કરતા શ્રીરામ કહેવા માંડ્યા કે સંસારમાં સઘળું હોય પણ ભાઈ વિના એ સઘળાની કિંમત કશી જ નથી. એ બધું નીરસ છે. જે ભાઈએ મારે ખાતર વનવાસનાં કપરાં કષ્ટો વેઠીને મારી સ્મિતપૂર્વક સેવા કરી તે ભાઈથી વંચિત થઈને હવે હું શું મોઢું લઈને અયોધ્યા પાછો જઈશ ? અયોધ્યામાં લક્ષ્મણ વિના પગ મૂકવાનું કેવી રીતે ગમશે ? આ કેવો દંડ ?

રામના વિલાપથી વાતાવરણ બદલાઈ ગયું.

એમના આત્માની સાથે સમસ્ત સૃષ્ટિનો આત્મા જાણે કે આક્રંદ કરવા લાગ્યો.

પરંતુ એવી રીતે આક્રંદ કરતા રહેવાથી શું વળે ? લક્ષ્મણ મૂર્છિત થયા છે એ સાચું, પણ એમની મૂર્છા વળે અને એ ફરી પાછા સ્વસ્થ થાય તે માટેના પ્રયાસ તો કરવા જોઈએ ને ? રાત્રીનો

અંધકાર બધે છવાઈ ચૂક્યો છે ને સવાર થતાં ફરી યુદ્ધનો આરંભ થશે. એ પહેલાં તો લક્ષ્મણને સાજા કરવા જોઈએ.

હનુમાનજીની સહાયતાથી સુષેણ વૈદને લંકામાંથી શ્રીરામની પાસે લાવવામાં આવ્યા.

સુષેણ વૈદે લક્ષ્મણને તપાસીને કહ્યું કે હિમાલયનાં પાન પ્રદેશમાં સંજીવની બુટ્ટી થાય છે તેને જો સવાર થતાં પહેલાં લાવવામાં આવે તો લક્ષ્મણજી સાજા થઈ શકે.

પરંતુ સંજીવની બુટ્ટી લાવે કોણ અને પણ આટલા ઓછા સમયમાં ?

બધાની નજર હનુમાનજી પર ઠરી. હનુમાનજી વિના બીજું કોઈ જ એ કામ કરી શકે તેમ નહોતું.

રામચંદ્રજીએ પણ હનુમાનજીને આજ્ઞા કરી એટલે હનુમાનજી ઊઠ્યા.

પ્રભાતનો પાવન પ્રકાશ પૃથ્વી પર વળે તે પહેલાં તો એ સંજીવની બુટ્ટી લઈને આવી પહોંચ્યા. પરિણામે લક્ષ્મણની મૂર્છા વળી અને એ સંપૂર્ણ સ્વસ્થ થયા.

બીજા દિવસે યુદ્ધ પાછું શરૂ થયું.

આ આખોય પ્રસંગ શું સૂચવે છે ? એમાં એકથી વધારે જીવન ઉપયોગી સારતત્ત્વો સમાયેલાં છે. આ પ્રસંગનો સૌથી પ્રથમ સંદેશ તો એ છે કે રામને લક્ષ્મણ પ્રત્યે કેટલો બધો પ્રેમ છે ! ભાઈ-ભાઈ વચ્ચે એવો પવિત્ર પ્રેમ હોવો જોઈએ. પ્રેમની એ મધુર મંદાકિની આજે સૂકાઈ ગઈ છે.

બીજો સંદેશ દાસભક્તિનો છે. હનુમાનજી રામના સાચા સેવક હતા તેથી તે સંજીવની બુટ્ટી લેવા જવા તરત જ તૈયાર થયા. કોઈ સાધારણ દાસ, સેવક કે ભક્ત હોય તો બહાનું કાઢત કે અત્યારે ક્યાં જાઉં... અત્યારે તો અંધારું છે, ઊંઘ આવે છે !



પરંતુ આ તો દાસ્યભક્તિના પ્રતીક જેવા હનુમાનજી હતા. એમણે એવું કોઈ જ બહાનું ના કાઢ્યું. સેવકના દિલમાં સ્વામીને માટેનો એવો ઉત્કટ ભક્તિભાવ હોવો જોઈએ. સેવકનું જીવન જ સ્વામીની સેવા માટે હોય.

આ પ્રસંગનો આધ્યાત્મિક અર્થ પણ કરી શકાય છે. રામ ઈશ્વર છે, લક્ષ્મણ જીવ છે. મેઘનાદ બીજું કાંઈ જ નથી, પણ માયાવી પદાર્થ માયા કે વાસના છે. જીવ તેથી મૂર્છિત છે તેની મૂર્છા કે વાસના કેવી રીતે જાય ? સુષેણ વૈદ એટલે કે સુષુમ્ણા નાડીનો તેને પરિચય થાય. એ નાડીમાં પ્રવેશીને એ સંજીવની બુટ્ટી એટલે કે હિમાલય જેવા ઉત્તમ ને શાંત બ્રહ્મરંધ્ર પ્રદેશની પરમાત્મા, પરાયણવૃત્તિમાં લીન થાય. તો જ એને નવજીવન મળે, એની જડતા ટળે, અને એની આધિવ્યાધિ મટી શકે. એ સંજીવની બુટ્ટીનો સંપર્ક કેવી રીતે સાધી શકાય ? એ બુટ્ટી અથવા પરમાત્માપરાયણવૃત્તિ હનુમાનજીને જ મળી શકે.

હનુમાનજી એટલે શું તે કલ્પી શકો છો ? મારુતતુલ્ય વેગવાળી મનોવૃત્તિવાળા, જિતેન્દ્રિય એવા સમર્થ સદ્ગુરુ અથવા તો યોગીની પોતાની પવિત્ર પ્રજ્ઞાશક્તિ, એને ઋતંભરા પ્રજ્ઞા પણ કહેવામાં આવે છે. એની મદદથી માણસ પરમાત્મપરાયણ બને કે બ્રહ્માકાર વૃત્તિને સહેજે પહોંચી શકે.

રામાયણના પ્રસંગનો આ ગર્ભિત સાર કેટલો બધો ઉત્સાહ પ્રેરક અને ઉપયોગી છે ! રામાયણને આવી રીતે વાંચીએ કે વિચારીએ તો ખરેખર લાભ થાય.

**—શ્રી યોગેશ્વરજી**

## ॥ ગુરુની પ્રાપ્તિ ॥

ચાર વર્ષ પહેલાં હિમાલયના ઋષિકેશ સ્થાનમાં મારી પાસે એક ભાઈ આવ્યા. તે ગ્રેજ્યુએટ હતા. અને મુંબઈમાં શિક્ષક

હતા. વરસો પહેલાં અમે મુંબઈમાં ભણતા. હું હિમાલયમાં રહું છું એવી એમને ખબર હોવાથી ભારતનાં કેટલાંક તીર્થોનો પ્રવાસ કરતાં કરતાં તે મને મળવા માટે આવી પહોંચ્યા.

'મને તીવ્ર વૈરાગ્ય થયો છે' તેમણે કહ્યું : 'એટલે તમને શોધતો શોધતો અહીં પહોંચ્યો છું. કોઈ ઉત્તમ કોટિના ગુરુના ચરણોમાં બેસી મારે હવે મારા જીવનનું કલ્યાણ કરી લેવું છે. તમે તો અહીં કેટલાય વખતથી રહો છો, કેટલાય લોકોત્તર સંતો કે મહાપુરુષોને ઓળખતા હશો. એમાંથી એકાદ-બેનો પરિચય કરાવશો, તો હું કોઈને ગુરુ કરી શકીશ.'

મેં કહ્યું : 'તમારી ભાવના સારી છે; પરંતુ વખત એવો છે કે અહીં પણ હવે લોકોત્તર સંતો કે મહાપુરુષોની કમી છે. એવા મહાપુરુષો અહીં ઘણા છે એવું ન માની લેતા. ઈશ્વરની કૃપા હોય તો જ તેવા મહાપુરુષનું દર્શન થઈ શકે છે. શાસ્ત્રોએ ગુરુ કરવાનું કહ્યું છે, પરંતુ ગુરુ માટે નિરર્થક ઉતાવળ કરવાની જરૂર નથી. પહેલાં તો અહીં શાંતિથી નિવાસ કરો. પછી અહીં રહેનારા સંતપુરુષોની મુલાકાત લો. તેમને જુઓ ને સાંભળો. તે પછી તમને કોઈ ગુરુ કરવા લાયક લાગે તેમને ભલે ગુરુ કરો. મારી નજરે આ પદ્ધતિ બરાબર છે.'

તેમણે કહ્યું : 'વખત મારી પાસે પૂરતો છે, છતાં હું એટલી બધી ધીરજ નહીં રાખી શકું.'

'તમારો વિચાર ગમે તેવો હોય.' મેં કહ્યું : 'પણ તમે સંન્યાસ કે ભગવાં પહેરવા ઉતાવળા ન થશો. સંન્યાસ કાંઈ રમત નથી. એ તો સાધના છે. ઊંડો ને પૂરતો વિચાર કરીને આશ્રય લેવા જેવી વસ્તુ છે. અહીં તો કેટલાય સાધુસંન્યાસીઓ છે. એમ ઉતાવળા થશો તો કામ નહીં ચાલે. જીવનમાં એકવાર થયેલી ભૂલ ફરીવાર સુધારવાનું મુશ્કેલ બને છે.'

મારી સલાહ તેમને પસંદ પડી કે કેમ તે તો તે જાણે; પરંતુ



અઠવાડિયા પછી તે મારી પાસે આવી મને કહેવા માંડ્યા : 'ગંગાની પેલી બાજુએ જે ઝાડી છે તેમાં કુટિરો છે. તેમાંની એક કુટિરમાં એક મહાપુરુષ રહે છે. આજે જ મને તેમનું દર્શન થયું. તે એટલા બધા પ્રતાપી છે, કે વાત નહિ. તેમનું શરીર પણ સુંદર છે. તેમણે મને સંન્યાસ આપવાનું કહ્યું છે. મારું મન પણ એમને જોઈ ઠર્યું છે એવા મહાપુરુષ સંસારમાં ભાગ્યે જ મળે.'

મેં કહ્યું : 'તમે હજુ સંસારમાં બરાબર ફર્યા નથી, ને આમ એમને ઉપમા આપવા ન મંડી જાવ. કોઈ મહાપુરુષ છે કે નહિ તેનો નિર્ણય તેનું શરીર જોઈને નથી થઈ શકતો, તેની અંદરની લાયકાત જોવી પડે છે.'

પરંતુ મારી વાતને એમણે માની નહીં. બે દિવસ પછી એ મારી પાસે આવ્યા ત્યારે એમનો ચહેરો ફીકો પડી ગયો'તો. એમણે ભગવાં વસ્ત્રો પહેર્યા'તાં.

મેં કહ્યું : 'કેમ દીક્ષા લીધી ?'

એમણે કહ્યું : 'લીધી તો ખરી, પણ ભૂલ થઈ. તમારી સલાહ પર ધ્યાન ન આપ્યું ને ખોટી ઉતાવળ કરી. પણ હવે શું થાય ? મારું તો બધું જ જતું રહ્યું.'

અને એમણે એમની આપવીતી કહી. દીક્ષા લેવા એ ઝાડીમાં ગયા તો ખરા, પણ ભગવું વસ્ત્ર પહેરાવ્યા પછી પેલા પ્રતાપી લાગતા લંગોટધારી, સુદૃઢ સાધુપુરુષે એમના બે શિષ્યો પાસે, એમને ધમકાવીને લૂંટી લીધા. એમની પાસેથી ૩૦૦ રૂપિયા રોકડા, પ્રાયમસ, વાસણ, કપડાં, ચંપલ, કામળી બધું લાકડી બતાવીને લઈ લીધું. અને કોઈને પણ કહીશ તો જાનથી મારી નાખવાની ધમકી આપી. સાધુઓનો એ અભિનય જોઈને આ ભાઈ તો કંપવા લાગ્યા, અને માંડ કરીને પહેરેલાં ભગવાં વસ્ત્ર સાથે, એ એકાંત ઝાડીમાંથી નાસી છૂટ્યા.

'મને ખબર નહિ કે ઝાડીમાં આવા સાધુ રહેતા હશે.' એમણે ઉપસંહાર કર્યો : 'તમારું માન્યું હોત તો આવું ન થાત.'

મેં કહ્યું : 'તમારો આ અનુભવ તમને તો કામ લાગશે જ, પણ ગુરુ કરવાની ઉતાવળવાળા બીજા અનેકને કામ લાગશે. ગુરુ કરનારે કે કરવા માગનારે કેટલા સાવધ, વિવેકી ને જાગ્રત રહેવું પડે છે તે આ પરથી શીખી શકશો તો પણ ઘણું.'

**—શ્રી યોગેશ્વરજી**

## ।। ભગવાં વસ્ત્રોની ભ્રમણા ।।

હિમાલયમાં કેટલીકવાર સાંજનો સમય ઘણો જ સુંદર લાગે છે. આકાશના ગુલાબી રંગો પર્વતીય પ્રદેશમાં ઘણા ઓછા દેખાય છે. છતાં કેટલીકવાર તેમને જોતાં તૃપ્તિ થતી નથી. એવી એક સાંજે અમે આશ્રમની બહાર બેઠા હતાં. એટલામાં એક સંન્યાસી મહારાજ આવી પહોંચ્યા.

તેમણે મને પૂછ્યું : 'તમે અહીં કેટલા વખતથી રહો છો ?'

મેં કહ્યું : 'ચારેક વર્ષથી.'

તે કહે : 'ઘણી સારી વાત છે. સ્થાન પણ સારું છે. પણ તમે હજી બ્રહ્મ તો નથી થયા ને ?'

મેં પૂછ્યું : 'બ્રહ્મ થવું એટલે શું ?'

'મારી જેમ ભગવાં કપડાં ધારણ કરો એટલે સીધા બ્રહ્મ થઈ જવાય.' તેમણે જવાબ આપ્યો; 'મને તો મારા ગુરુએ પહેરાવ્યું ને દીક્ષા આપી, ત્યારથી હું બ્રહ્મ થઈ ગયો. હવે આમતેમ આનંદથી ફર્યા કરું છું.'

મેં કહ્યું : 'જો એમ જ હોય તો બ્રહ્મ થવાનું કામ ઘણું સહેલું છે. ગુરુ તો બધે મળે છે ને દીક્ષા આપીને કાન ફૂંકનારા ગુરુ પણ સહેલાઈથી મળી રહે. બ્રહ્મની પ્રાપ્તિ માટે ને બ્રહ્મમય થવા માટે ઋષિમુનિને આકરાં તપ કરવા પડ્યાં હતાં. એટલે બ્રહ્મ થવાનું



કામ આમ બોલી જવા જેટલું સહેલું નથી. કોઈપણ પ્રકારનાં સાધન યા પરિશ્રમ વગર એમ સહેલાઈથી બ્રહ્મમય થવું અશક્ય છે.'

'પણ તમે ભગવું પહેરી જુઓ તો ખરા કે બ્રહ્મમય થવાય છે કે નહીં ?' તેમણે ચાલુ રાખ્યું.

મેં કહ્યું : 'ના, મારે ભગવાંની જરૂર નથી. એનો મોહ નથી. બધાંએ તે પહેરવું જ જોઈએ એમ પણ હું માનતો નથી. ભગવું તો એક નિશાની છે. તેનો રંગ અગ્નિ જેવો છે. જેમ અગ્નિ પોતાની અંદર હોમાતી વસ્તુઓને બાળી નાખે છે, તેમ ભગવું પહેનાર માણસે પોતાની કામના અને વાસના, અહંકારવૃત્તિ તથા મમતાને, જ્ઞાનના અગ્નિથી બાળી દીધી છે એમ જાણી શકાય છે. આ જણાવવા તે પહેરનાર માણસે પોતે નિરંતર જાણવા, ભગવું પહેરાય છે. પણ બધાંએ એનો આશ્રય લેવો જ જોઈએ એવો દુરાગ્રહ નકામો છે. જે બ્રહ્મમય થાય છે એ તો બીજા બધા પ્રત્યે સમતા ને સહાનુભૂતિ રાખે છે, સૌમાં પરમાત્માનું દર્શન કરે છે ને નમ્રતા ધારણ કરે છે. તમે તો નમ્રતા ને સહાનુભૂતિ ધારણ કરવાને બદલે કટ્ટર બન્યા છો. એટલે તમે બ્રહ્મમાં નહીં, ભ્રમમાં રમો છો. હજી જીવન બાકી છે. ત્યાં સુધી ચેતી જશો ને સૌને ભગવાં પહેરાવીને બ્રહ્મમય બનાવવાની ભ્રમણા દૂર કરશો. તો પરમાત્માની કૃપાથી ખરેખર બ્રહ્મમય બની શકશો. બાકી હાલની દશા જોતાં તો તમારું ભાવિ નબળું છે.'

**—શ્રી યોગેશ્વરજી**

## ।। પરમ શાંતિ ।।

હિમાલયમાં ઉત્તરકાશી નામે એક સ્થાન છે. થોડાં વરસો પહેલાં ત્યાં એક મહાત્મા રહેતા હતા. તેમણે ભારે તપ-વ્રત અને અનુષ્ઠાન કર્યાં હતાં. પણ તે છતાં તેમને શાંતિ મળી નહિ. છેવટે તેમને કંટાળો આવ્યો. શાંતિ વિનાનું જીવન એમને સાલવા લાગ્યું. તેમણે વિચાર

કર્યો કે શાંતિ નહિ મળે ત્યાં સુધી ચેન નહિ વળે. હવે તો આ શરીરને ફગાવી દેવું જોઈએ. કાં તો શરીર પડી જાય, કાં તો શાંતિ મળે. બાકી અશાંતિની આ દશામાં જીવવાનું જરા પણ ઠીક નથી.

ઉત્તરકાશીથી તે ગંગોત્રી ગયા - ને ગંગોત્રીથી લગભગ બે માઈલ દૂર એક ગુફામાં એમણે આસન જમાવી દીધું. શાંતિ મળે કે પછી દેહ પડે, પણ અન્નજળ ન લેવાં એવો નિર્ણય કરીને, તે પ્રભુનું સ્મરણ કરતાં વખત વીતાવવા માંડ્યા.

ત્રણ દિવસ થઈ ગયા, પણ શાંતિ ન મળી. મહાત્માજીની ચિંતા વધતી જતી હતી. શરીર છોડી જ દેવું હોય તો ક્યાં વાર લાગે એમ છે ? ગંગાજીમાં પડવાથી શરીર શાંત થઈ શકે - પણ એમના મનમાં આશા હતી, ભગવાનની દયા પર એમને વિશ્વાસ હતો. ભગવાન ને સંતોના શબ્દોમાં શ્રદ્ધા હતી. પોતાના ભક્તની રક્ષા કરી બધી કામના પૂરી કરવી એ તો તેમનું વ્રત છે. એ વ્રતમાં એમને શ્રદ્ધા હતી.

આખરે એ શ્રદ્ધા સાચી ઠરી. ચોથે દિવસે સવારે ગુફામાં પ્રકાશ પ્રકાશ થઈ રહ્યો. મહાત્માજીએ જરાક અચરજ ને આનંદ સાથે જોયું તો પોતાની સામે કોઈ દૈવી સંતપુરુષ ઊભા હતા. તેમનું શરીર ખૂબ તેજોમય ને મંગલ હતું. કેટલું સુંદર દર્શન ? મધથી પણ વધારે મીઠી વાણીમાં તે બોલ્યા : બેટા, આ એકાંત જંગલની ગુફામાં આમ ભૂખે ને તરસે કેમ બેઠો છે ?

મહાત્માજીએ ઉત્તર આપ્યો : 'મારે શાંતિ જોઈએ છે.'

'શાંતિ ?' તે દૈવી પુરુષે કહ્યું 'તું શાંતિસ્વરૂપ જ છે. આ સ્થળમાંથી તું જલદી નીચે ચાલ્યો જા ને ઉત્તરકાશીમાં વાસ કર. તને શાંતિ જરૂર મળી જશે.'

આટલું કહીને એ મહાપુરુષ અંતર્ધાન થઈ ગયા. મહાત્માજીની સાધના ફળી. એમના આનંદની અવધિ ના રહી.

એ ઉત્તરકાશી આવ્યા. ત્યાં થોડા વખતમાં તેમને નિર્વિકલ્પ



સમાધિ થઈ, બાકીનું જીવન તેમણે શાંતિમાં પૂરું કર્યું.

આ અનુભવ સાચો છે. તમે પણ જો એક અથવા બીજી જાતના અનુભવની ઇચ્છા કરતા હશો ને તે માટે બરાબર પ્રયાસ કરતા હશો તો તમને પણ અનુભવ થશે. એ વાતમાં વિશ્વાસ રાખજો. બધા સાધકોને એકજાતના અનુભવ નથી થતા. બધાના અનુભવ કેટલીવાર જુદા જુદા હોય છે. બધાના અનુભવ કેટલીકવાર જુદા જુદા હોય છે. પણ તમારી ગાડી સીધા પાટા પર ચાલતી હશે તો એક કે બીજી જાતના અનુભવ તમને જરૂર થશે. ઇચ્છા રાખવા છતાં અનુભવ ન થાય, તો સાધના મૂકી ન દેતા, અશ્રદ્ધા ન કરતા. સાધનાની ગાડીને ચાલુ જ રાખજો. તેને આગળ ને આગળ ધપાવ્યે જ રાખો. બીજા મહાપુરુષોના આવા અનુભવ નજર સામે રાખીને, પ્રેરણાનું ભાથું ભરો ને ઉત્સાહ, આશા તથા હિંમત વધારો. જે મહાત્મા પુરુષની વાત આપણે કરી ગયા, એમને શું એક દિવસમાં આવો દૈવી અનુભવ થયો હતો કે ? બાર વરસ તો એમણે આકરી તપશ્ચર્યા કરી. કેટલોક વખત ફલાહારી, તો કેટલીક વખત દૂધ પર રહ્યા. કેટલાં બધાં વ્રત અથવા અનુષ્ઠાન કર્યા બાદ છેવટે શાંતિને માટે તેમનું હૃદય રોઈ ઊઠ્યું, ત્યારે એમને આવી રીતે શાંતિ મળી.

**—શ્રી યોગેશ્વરજી**

## ॥ જલેબીનો પ્રસંગ ॥

ઈ.સ.૧૯૪૪માં બદરી, કેદાર, ગંગોત્રી ને જમનોત્રી યાત્રા કરી અમે ઋષિકેશ આવ્યાં. ત્યાં આવ્યા પછી માતાજીને મરડો થયો. ઝાડામાં લોહી પણ પડવા માંડ્યું, તેથી થોડા વખતમાં તેમની નબળાઈ ઘણી વધી ગઈ. અમારી સાથેના મનુભાઈને કૉલેરા લાગુ પડ્યો. કોઈ કામ માટે તે દહેરાદૂન ગયા ને પછી ત્યાં જ બીમારીમાં પટકાઈ પડ્યા. માતાજીની દશા ઘણી ગંભીર થઈ ગઈ પણ પ્રભુએ કૃપા કરી. લગભગ એકાદ માસની

ભયંકર બીમારી પછી, એક રાતે એમને રામના તેજોમય સ્વરૂપનું દર્શન થયું, ને તે દિવસથી તેમને આરામ થવા માંડ્યો. જરાક ભોજન લેવાનું પણ શરૂ થયું.

પછી તો એક દિવસ એમને જલેબી ખાવાની ઇચ્છા થઈ. પરંતુ લાચારી હતી. સાધારણ ભોજન કરવા જેટલા પૈસાની જ કમી હતી ત્યાં વળી જલેબી ખાવના પૈસા ક્યાંથી કાઢવા ? માતાજીને મેં મારી તકલીફ જણાવી. તે સમજી ગયાં.

તે જ દિવસે લગભગ અગિયારેક વાગ્યાના સુમારે અમે રહેતા હતા તે ધર્મશાળામાં એક બાઈ આવી પહોંચી. ધર્મશાળામાં ફરતાં ફરતાં તે મારી ઓરડી પાસે આવી પહોંચી. ઓરડીની અંદર આવીને એણે મારી સામે થાળી ધરી ને તેમાંનું ભોજન લઈ લેવાનું કહ્યું. મને ખૂબ આશ્ચર્ય થયું. બાઈ ઘણી સ્વરૂપવાન હતી. તેણે સુંદર વસ્ત્રો પહેર્યાં હતાં. તેની આકૃતિ પરથી એ કોઈ મારવાડી બાઈ હોય એમ લાગતું હતું. મેં એનું ભોજન લેવાની પહેલાં તો આનાકાની કરી પણ એનો આગ્રહ જોઈને છેવટે તે લીધું. તેણે કહ્યું : 'બદરીનાથની યાત્રા કરી હજી આજે સવારે આવીને આ ધર્મશાળામાં ઉતરી છું. મેનેજર પાસેથી તમારી ભાળ મેળવી તમને ભોજન આપવા આવી છું.'

એના ગયા પછી મેં એનો આણેલો થાળ જોયો તો મને ખૂબ નવાઈ લાગી. બાઈએ અમારે માટે ગરમ પૂરી, શાક ને જલેબી આણી હતી. જલેબી જોઈ માતાજીને પણ આનંદ થયો. પ્રભુની કૃપા-તેની લીલા વગર આમાં બીજું શું હોઈ શકે એમ માનીને અમે સમાધાન કર્યું.

આખો દિવસ એ બાઈની રાહ જોઈ. પણ થાળી લેવા એ આવી જ નહિ. મેનેજરને જઈને પૂછ્યું તો તેમણે કહ્યું : 'તમે કઈ બાઈની વાત કરો છો ? ધર્મશાળા તો અઠવાડિયાથી ખાલી છે. કોઈ બાઈ કે ભાઈ અહીં આવ્યું જ નથી.'

હવે મારી ખાતરી થઈ કે પરમકૃપાળુ પરમાત્માએ જ



અમારી ભાવના પૂરી કરવા એ બાઈનું સ્વરૂપ ધારણ કર્યું હતું. હૃદય ગદ્ગદ્ બની ગયું. છેવટે એ થાળી અમે ધર્મશાળા છોડી ત્યારે મેનેજરને સોંપી.

ઈશ્વરની કૃપાના પ્રસંગો સાધકોના જીવનમાં એ રીતે વધારે કે ઓછા પ્રમાણમાં બન્યા જ કરે છે.

એક ભક્ત પુરુષની વાત છે. તે ખૂબ મૂંઝાતા. આજીવિકાનું કોઈ સાધન તેમની પાસે નહોતું. તેમના પુત્રની પાસે ઘણું ધન હતું. પરંતુ તે તેમની સાથે બોલતો પણ નહિ. મને મળતા ત્યારે તે પોતાની મૂંઝવણ રજૂ કરતા. હું કહેતો : 'ભગવાનનું નામ લો. ભગવાનને પ્રેમથી યાદ કરો ને પ્રાર્થો, પોતાના સાચા કે ખોટા ભક્તની રક્ષા કરવાની પ્રતિજ્ઞા તે જરૂર પાળશે.'

છેવટે તે ભક્તની ઇચ્છા પૂરી થઈ. તેમની ઇચ્છા પ્રમાણે બાજુના જ ગામમાં તેમને કોઈ મંદિરની પૂજાનું કામ મળ્યું. ગામના લોકો સત્સંગી હતા. તે તેમની પાસે બેસવા માંડ્યા ને તેમની કથાનો આનંદ લેવા લાગ્યા. અન્ન, વસ્ત્ર ને ધન કશાની કમી ન રહી.

તમે તમારું કામ કરો, પ્રભુસ્મરણ કરો. આગળનું કામ પ્રભુ પોતે સંભાળી લેશે. તે તમને બધી રીતે મદદ કરશે.

**—શ્રી યોગેશ્વરજી**

## ॥ દેવપ્રયાગના સાધુ ॥

થોડા વખત પહેલાં દેવપ્રયાગ ગામે હિમાલયમાં મારી પાસે એક સાધુ આવ્યા. તે રઘુનાથજીના મંદિર પાછળની નાનકડી ગુફામાં રહેતા હતા અને અવારનવાર મને મળવા આવતા. એટલે અમારી વચ્ચે પ્રેમસંબંધ થયો.

એ આવ્યા એટલે અમે કેટલીક સાધનાસંબંધી વાત કરી. તેમનો વિચાર પ્રયાગરાજના તેમના આશ્રમમાં પાછા જવાનો હતો.

દેવપ્રયાગમાં છ મહિના એકાંતવાસ અને અનુષ્ઠાનમાં પસાર

કર્યા પછી તેમના મનની મૂંઝવણ દૂર થઈ. ચિત્તની ચંચળતા ટળી ગઈ. ઊંડી શાંતિ મળી. એટલે એમની ઇચ્છા દેવપ્રયાગ જવાની થઈ. ત્યાંના આશ્રમમાં એમને કોઈ પ્રકારની તકલીફ ન હતી. છતાં પણ હિમાલયના પુણ્યપ્રદેશના આકર્ષણથી અહીં આવ્યા હતા. અહીંનો પ્રદેશ એકદમ પર્વતીય છે. રસ્તો પણ સાંકડો ને પર્વતમાં કોરી કાઢેલો છે. ભૂલેચૂકે નીચે પડી જઈએ તો બીજે ક્યાંય નહિ, ગંગાના શરણમાં જ પહોંચી જઈએ. અને ગંગા પણ કેવી ? ઉછળતા, દોડતા, ગર્જના કરતા ધોધ જેવી. ઘડીના છઠ્ઠા ભાગમાં તો ક્યાંયની ક્યાંય લઈ લે ! સ્નાન કરવું હોય તો પણ ઘાટના પગથિયા પર બેસીને કે સાંકળ પકડીને કરો ત્યારે ! અને ગંગા એક નહિ પણ બે. એક બદરીનાથથી આવતી અલકનંદા અને બીજી ગંગોત્રી તરફથી આવતી ભાગીરથી. બંનેનો ત્યાં સંગમ થાય એ દૃશ્ય એટલો બધો આનંદ આપે કે વાત નહિ. સાધુ મહારાજ પણ આ દૃશ્ય દેખીને મુગ્ધ થઈ ગયા ને પૂરા છ મહિના એ પુણ્યપ્રદેશમાં રહીને શાંતિ મેળવેલી. હવે પાછા પ્રયાગરાજ જવા માગતા હતા.

પણ પૈસા વિના કેવી રીતે જવું ? તેમની પાસે નાણાં બિલકુલ ન હતાં. ગામમાં તેમણે કેટલાક માણસો પાસે માગણી કરી જોઈ, પણ કોઈએ મદદ ન કરી, એમની ઇચ્છા એવી હતી કે હું તેમને કાંઈક મદદ કરું.

મારી પાસે પચીસેક રૂપિયા હતા. હું તેમને જરૂર મદદ કરી શકું તેમ હતો. તેમને પંદરેક રૂપિયાની જરૂર હતી; પરંતુ મારો પોતાનો વિચાર થોડાક દિવસોમાં દેવપ્રયાગ છોડવાનો હતો. તે માટે મારે ય પૈસાની જરૂર હતી. સાધુ સારા હતા, છતાં આવી મુસીબત હતી એટલે શું થાય ?

આખરે મેં તે સાધુને ઋષિકેશમાં રહેતા એક વેપારીનું નામ-ઠામ આપીને કહ્યું : 'ત્યાં જશો તો તે જરૂર મદદ કરશે.' પણ



તેમનું મન માન્યું નહિ. તેમના મુખ પરના ભાવથી એ જણાઈ આવ્યું. છેવટે થોડીવાર બેસી નમસ્કાર કરી તે ચાલવા માંડ્યા.

મારા દિલને તેમના ચહેરા ઉપર છવાયેલી નિરાશાથી ઘણું લાગી આવ્યું. મારી બાજુમાં તે વખતે દેવપ્રયાગથી બે માઈલ આવેલા 'કોટી' ગામડામાં રહેતા એક ભાઈ બેઠા હતા. તેમને કહી તે સાધુપુરુષને મેં પાછા બોલાવડાવ્યા.

તે આવીને બેઠા એટલે મેં પૂછ્યું, 'કેટલા પૈસા ચાલશે ?'

તેમણે કહ્યું : 'પંદરેક રૂપિયા.'

મેં તેમને પંદર રૂપિયા આપી દીધા. તેમને અજબ લાગણી થઈ આવી. તેમણે જરા આનાકાની કરી પણ મેં તેમને સમજાવીને કહ્યું : 'પ્રભુ છે, મને વળી એ ગમે તે રીતે મોકલી આપશે.'

તે સાધુપુરુષ ચાલતા થયા ત્યારે તેમના મુખ પર સંતોષ અને આનંદના ભાવ હતા.

થોડા દિવસ બાદ મારા પર કોઈએ પચાસ રૂપિયા મોકલ્યા. તે સાધુપુરુષને આપ્યા તેથી ત્રણ ઘણાથી યે વધારે !

મને થયું, અને આજે પણ એ વાત માનું છું કે આપવામાં સદા સુખ છે. જે આપે છે તેની મૂડી ઘટતી નથી, પણ વધે છે. ઈશ્વર તરફથી તેને એક કે બીજી રીતે અનેકગણું મળે છે, મારો તો એ અનુભવ છે, એટલે માણસે હૃદયને જેટલું બને તેટલું ઉદાર ને વિશાળ કરવાની જરૂર છે. સમાજમાં જેમની પાસે છે-ધન, વિદ્યા, તપ, સંપત્તિ ગમે તે, તે તેની દ્વારા-જેની પાસે કાંઈ નથી, અથવા તો બહુ જ ઓછા પ્રમાણમાં છે-તેમને મદદરૂપ થવા લાગે, તો સૌને લાભ થાય ને સમાજનું આખું સ્વરૂપ બદલાઈ જાય. એવા સમાજમાં ભેદ-ભાવ, ઘર્ષણ કે શોષણ ના જાગે, અને કોઈ કારણથી જાગે તો તરત દૂર થાય. આવો સમાજ સાચા અર્થમાં સુખી અને સમૃદ્ધ થાય.

**—શ્રી યોગેશ્વરજી**

## ॥ યાત્રા માટે મદદ ॥

થોડાંક વરસો પહેલાંની વાત છે. બદરીનાથ, કેદારનાથ, ગંગોત્રી ને જમનોત્રીની યાત્રા પૂરી કરી અમે ઋષિકેશમાં-પ્રખ્યાત ધામમાં આવી પહોંચ્યા અને ત્યાંની સુંદર ધર્મશાળામાં રહેવા લાગ્યા. એ ધર્મશાળાનું નામ ભગવાન આશ્રમ. ઋષિકેશની કુદરતી સૌન્દર્યથી ભરેલી ભૂમિમાં મન લાગી જવાથી અમે એકાદ મહિના જેટલો લાંબો વખત રહ્યા. એ સ્વર્ગીય પ્રદેશમાં રહીને અમે રોજ પ્રભુસ્મરણ કરતાં તથા ગંગાસ્નાનનો લાભ લેતાં. દિવસો એક પછી એક ક્યાં અથવા કેવી રીતે પસાર થઈ જતા, તેની ખબર પણ ન પડતી.

ઋષિકેશના સુંદર સ્થળને જોવાનું ને એ સ્થળમાં રહેવાનું ભાગ્ય ખરેખર અનેરું છે. જેને એ સૌભાગ્ય પ્રાપ્ત થયું હશે તે સહેલાઈથી સમજી શકશે કે એ સૌભાગ્ય કેટલું કિંમતી છે. ઊંચી-ઊંચી ને લીલીછમ પર્વતમાળાની વચ્ચે વિશાળ મેદાનમાં વસેલું ઋષિકેશ જોતાંવેંત જ હૃદયને સ્પર્શી જાય છે ને કહો કે કાળજાને કામણ કરે છે. એ પ્રદેશનાં પરમાણુ એટલા બધાં અસરકારક છે કે વાત નહીં, જે આવે એને ત્યાં રહેવાનું મન થઈ જાય કે ગમી જાય, એવી એની શોભા છે. અમે પણ ત્યાં આનંદપૂર્વક રહેવા માંડ્યાં.

પરંતુ ત્યાં કાંઈ કાયમને માટે રહી શકાય છે ? જો કે રહી શકાય ખરું, પણ રહેવાના સંજોગો ન હતા. અમારો વિચાર અયોધ્યા, કાશી, મથુરા, વૃંદાવન તરફ જવાનો હતો. તે રીતે બાકીની યાત્રા કરી લેવાની ભાવના હતી.

પણ એકલી ભાવનાથી કાંઈ યાત્રા થોડી કરી શકાય છે ? એમાંયે મોટી મુશ્કેલી હતી. હિમાલયની યાત્રામાં ધાર્યા કરતાં વધારે ખર્ચ થઈ જવાથી ધનની તકલીફ હતી. ઋષિકેશમાં પણ સંભાળીને અમે રહેતા. એવા સંજોગોમાં બીજી યાત્રા કરવા માટે ક્યાં નીકળવું ?



છતાં, મને ઈશ્વર પર શ્રદ્ધા પણ અસાધારણ હતી. કોઈ પણ સંજોગોમાં એ ડગે એમ ન હતી. મને થયું મારે બીજી યાત્રા કરવી એવી ઈશ્વરની ઇચ્છા હશે તો તે ગમે તે રીતે એ મને મદદ કરી યાત્રાએ લઈ જશે. એ તો સમર્થ છે, એને માટે કશું મુશ્કેલ નથી. નરસી મહેતાની એણે હૂંડી સ્વીકારી છે ને બીજી રીતે પણ ભક્તોનાં અનેક કામ કર્યાં છે. લોકોમાંના કેટલાક એ વાતોને ટાઢા પહોરનાં ગપ્પાં જેવી ઉપજાવી કાઢેલી માને છે; પરંતુ ખરેખર તેવું નથી. શ્રદ્ધા હોય તો આજે પણ એક યા બીજી જાતના ઈશ્વરી કૃપાના અનુભવ થઈ શકે છે. મને થયું કે હું કોઈ મોટો ભક્તપુરુષ નથી; છતાં મને ઈશ્વર પર પ્રેમ છે, વિશ્વાસ છે, ને તે ધારશે તો મને મદદ જરૂર કરશે. એવા ભાવોમાં ડૂબી મેં ઈશ્વરને પ્રાર્થના કરવા માંડી.

ઋષિકેશથી યાત્રામાં નીકળવા માટે અમારે પચાસ રૂપિયાની જરૂર હતી. એ રૂપિયા કેવી રીતે મેળવવા તેનો વિચાર કરતો હું બેઠો હતો ત્યાં તો એક પ્રસંગ બન્યો. એક દિવસ બપોરે ટપાલી મારું નામ લેતો ધર્મશાળામાં આવ્યો ને કહેવા લાગ્યો : 'તમારું મનીઓર્ડર છે.'

મને નવાઈ લાગી, મારું મનીઓર્ડર હોય એ વાત હું ન માની શક્યો. મને રૂપિયા કોણ મોકલે ? મેં કોઈની પાસે મંગાવ્યા જ ક્યાં હતા ?

પરંતુ ટપાલીએ મનીઓર્ડર ફોર્મ મારા હાથમાં મૂક્યું ત્યારે મને ખાતરી થઈ કે મારે નામે કોઈએ રૂપિયા મોકલ્યા છે. મોકલનારનું નામ અને સરનામું મેં જોયું, પણ તેને હું ઓળખતો ન હતો. તો શું રકમ શામળિયા શેઠે મોકલી ? મારે જરૂર હતી પચાસ રૂપિયાની અને ઈશ્વરકૃપાથી મને એકાવન રૂપિયા મળ્યા. મારું હૃદય ભાવવિભોર બની ગયું. આંખ ભીની થઈ ગઈ. ધ્રૂજતે હાથે મેં સહી કરી આપી ને ટપાલી રકમ આપી ચાલતો થયો.

બીજે દિવસે અમે ઋષિકેશથી હરદ્વાર આવી અયોધ્યા તથા

કાશી જવા નીકળી પડ્યા. એ રીતે બધી યાત્રા સુખરૂપ પૂરી કરી. પણ મનીઓર્ડરનું રહસ્ય મારા મનમાં એવું ને એવું રહી ગયું. ઈશ્વરની દયા કે કરુણાનો વિચાર કરી મારું હૃદય કરુણ બની ગયું. મને લાગ્યું નરસી ભગતની હૂંડી સ્વીકારવાની એ અને એવી બીજી વાતો ખોટી નથી. કોઈક વાતોમાં કોઈ અતિશયોક્તિ હશે. પરંતુ તેની પાછળ જે સાર છે તે સાચો જ છે જ છે કે ઈશ્વરનું જે શરણ લે છે તેની સંભાળ ઈશ્વર જરૂર રાખે છે. ઈશ્વર તેની બધી રીતે રક્ષા કરે છે. પરંતુ તેને માટે નરસી, મીરાં, તુલસીદાસ, સુરદાસ ને એવા બીજા ભક્તોના જેવી ભક્તિ, શ્રદ્ધા, ધીરજ, પ્રીતિ ને પ્રભુપરાયણતા જોઈએ, કેવળ વાતો કરવાથી કાંઈ નથી વળતું, અનુભવની દુનિયામાં વધારે ને વધારે ઊંડા ઊતરવાથી જ કાંઈક મળી શકે છે.

**—શ્રી યોગેશ્વરજી**

## ॥ ઔષધીથી સમાધિ ॥

ઔષધીથી સમાધિની સિદ્ધિ થઈ શકે ખરી ? પાતંજલયોગદર્શનમાં વિભૂતિપાદના પ્રથમ સૂત્રમાં જ કહ્યું છે : 'જન્મ, મંત્ર, તપ, ઔષધી અને સમાધિના પ્રભાવથી જુદી જુદી સિદ્ધિ મળી શકે છે. તો શું એ વાત સાચી છે ? અને એમાં કરવામાં આવેલા ઔષધીના ઉલ્લેખ પ્રમાણે તેનાથી શું સમાધિની પ્રાપ્તિ થઈ શકે ખરી ? એવી ઔષધીની માહિતી કોઈને હશે ખરી ?'

ઈ.સ.૧૯૪૬માં મારે સીમલા જવાનું થયું, અને ઈશ્વરકૃપાથી ત્યાં આકસ્મિક રીતે જ સંત શ્રીનેપાલીબાબુનું દર્શન થયું, ત્યારે એ વિચારો મારા મનમાં વધારે ને વધારે પ્રબળ બની પેદા થવા માંડ્યા. કારણ નેપાલી બાબા ઔષધશાસ્ત્રના પ્રખર નિષ્ણાત હતા અને અત્યારે મારી પાસે બેસીને એ વિષે જ વાર્તાલાપ કરી રહ્યા હતા.

મેં કહ્યું : 'મને તો બીજી ઔષધીમાં રસ નથી. મને તો સમાધિ થાય એવી ઔષધી જોઈએ છે. તમને એવી ઔષધીની



જાણ હોય તો મને કહી બતાવો.'

નેપાલી બાબાએ કહ્યું : 'મને જાણ નહીં કેમ હોય ? આ તો મારો વિષય છે. એટલે મેં બધી શોધો કરી છે. સમાધિ કરાવનારી ઔષધીને પણ હું મેળવી શક્યો છું. તમે કહેશો ત્યારે હું તમને તે બતાવીશ અને એના પ્રયોગ કેમ કરવા તે પણ સમજાવીશ.'

મેં કહ્યું : 'તો તો ઘણું સારું.'

મને અત્યંત આનંદ થયો.

વળતે દિવસે દહેરાદુનના યોગીશ્રી ભૈરવ જોશી સાથે હું તેમને મળવા ગયો. તે અમને જોઈ રાજી થયા. એમણે અમારો સ્નેહથી સત્કાર કર્યો. સીમલાથી લગભગ ત્રણ માઈલ દૂર એકાંત પર્વતો વચ્ચે એમનું સ્થાન હતું. આજુબાજુ ચાર પાંચ ગરીબોનાં ઝૂંપડાં હતા. મેં તેમને પેલી ઔષધીની વાત યાદ કરાવી એટલે તેમણે એ લાવીને મારી આગળ રજૂ કરી. મારા હર્ષનો પાર ન રહ્યો. મેં એની વિગત માગી એટલે એમણે કહેવા માંડ્યું.

અહીંના પર્વતમાં આ વનસ્પતિ ક્યાંક-ક્યાંક થાય છે. પરંતુ તેને ઓળખનારા નથી, એથી એ ગુપ્ત છે. એને પાણીમાં ઉકાળી તેમાં થોડું દૂધ નાખી માવા જેવું કરીને તેનું સેવન કરવું પડે છે. મારા કહ્યા પ્રમાણે તમે તેનો પ્રયોગ જરૂર કરજો. તમને લાભ થશે પરંતુ ભૈરવ જોશીને આ ઔષધી ના આપશો. એમનો યોગ હજુ નથી આવ્યો. એમને હજુ ઘણીવાર છે. તમે એકલા જ સેવન કરજો.

ભૈરવ જોશી બાજુમાં બેઠા હતા. તેમણે નેપાલી બાબાએ આપેલી ઔષધી સાચવીને મૂકી દીધી.

દહેરાદૂનમાં આવીને હું ભૈરવ જોશીના કાંવલી રોડ પર આવેલા શાંત બંગલામાં એમના મહેમાન તરીકે પંદરેક દિવસ એમના અત્યંત આગ્રહને વશ થઈને રહ્યો તે દરમિયાન એક દિવસ એ ઔષધીનો પ્રયોગ કર્યો. સાંજે લગભગ આઠ વાગે

જોશીજી એ ઔષધી લઈને મારી પાસે આવી પહોંચ્યા. એમનાં પત્નીએ જ એને તૈયાર કરી હતી.

મને થયું કે નેપાલી બાબાએ ના કહી છે. છતાં જોશીજી પોતે જ આ ઔષધી તૈયાર કરીને લાવ્યા છે, ત્યારે એમાંથી થોડોક હિસ્સો એમને પણ આપું. આવી બાબતમાં સ્વાર્થી અથવા તો એકલપેટા થવું ઠીક નહીં. ભલે, એમને લાભ ન થવાનો હોય તો ન થાય, પણ હું એમને ઔષધી તો આપું જ.

એવો વિચાર કરી એમાંથી થોડો ભાગ મેં જોશીજીને આપ્યો અને બાકીના બીજા ભાગનું સેવન કરીને હું લગભગ રાતે નવ વાગે મારા સ્વતંત્ર રૂમમાં પડેલી આરામખુરશી પર બેઠો અલબત્ત, આંખ બંધ કરીને ધ્યાન કરતાં જ બેઠો.

થોડીવારમાં તો મારી ચિત્તવૃત્તિ તદ્દન શાંત થઈ ગઈ અને મારું શરીરભાન ભૂલાઈ ગયું. તે પછી શું થયું તેની ખબર મને ન પડી.

સવારે જોશીજી બે-ત્રણ વાર મારા રૂમમાં આવી ગયા હશે. તેમની બૂમ સાંભળીને છેવટે હું જાગી ઊઠ્યો.

જોશીજી કહે : 'હું બે-ત્રણવાર આવી ગયો છતાં, તમે છેક અત્યારે જ જાગી શક્યા. આવી રીતે કેટલા વખતથી બેઠા છો ?'

મેં કહ્યું : 'તમે મને રૂમમાં મૂકીને ગયા ત્યારથી રાતે નવ વાગ્યાથી કેમ ?' અત્યારે કેટલા વાગ્યા છે ?

જોશીજીને ભારે નવાઈ લાગી.

'રાતના નવ વાગ્યાના અહીં જ બેઠા છો ? ભારે કરી. અત્યારે તો બરાબર નવ વાગ્યા છે. જુઓને બધે તડકા ચઢ્યા છે. બાર કલાક લગી તમે સમાધિમાં રહ્યા ? તમારો ચહેરો કેવો ચળકતો હતો. મને તો કશું જ ના થયું. ઔષધી લઈને બેઠો, પણ મન ન લાગ્યું, એટલે રોજની જેમ ઊંઘી ગયો. નેપાલી બાબાના શબ્દો સાચા પડ્યા. એમણે મને ઔષધી આપવાની ના



પાડી હતી ને ? છતાં તમે આપી. પરંતુ નસીબ આગળ ને આગળ. તમારું ભાગ્ય ઘણું ભારે કહેવાય.'

મેં એમને ધીરજ ને હિંમત આપી.

આ પ્રસંગથી મારી ખાતરી થઈ કે નક્કી સમય કે યોગ્યતા અથવા તો અધિકાર વિના કશું જ નથી થતું અને પતંજલિ યોગદર્શનની વાતમાં મારો વિશ્વાસ વધ્યો. ઔષધીની મદદથી સમાધિ પ્રાપ્ત કરી શકાય છે, એ વિધાન મને સંપૂર્ણ સાચું લાગ્યું. જેનામાં ધ્યાન દ્વારા પ્રાપ્ત થયેલી બીજી યોગ્યતા છે, તેને આગળ વધવા માટે ઔષધી આશીર્વાદરૂપ થઈ શકે છે, એમાં શંકા જ ન રહી.

**—શ્રી યોગેશ્વરજી**

## ॥ શ્રીકૃષ્ણનું શરીરધારણ અને તિરોધાન ॥

શ્રીમદ્ ભગવદ્ગીતાના ચોથા અધ્યાયમાં ભગવાન શ્રીકૃષ્ણે અર્જુનને કહ્યું છે કે : 'હે અર્જુન, મારો જન્મ અને મારાં કર્મ અલૌકિક છે. એવું જે તાત્ત્વિક રીતે જાણી લે છે તે શરીરમાંથી છૂટ્યા પછી ફરીવાર જન્મવાને બદલે મારી પ્રાપ્તિ કરી લે છે.'

આ શ્લોકમાં શ્રીકૃષ્ણ ભગવાને પોતાના જન્મની દિવ્યતા તરફ અંગુલિનિર્દેશ કર્યો છે. શ્રીકૃષ્ણનો જન્મ કોઈ પ્રાકૃત પુરુષની પેઠે નથી થયો. એ વાતની યાદ દેવડાવતાં ગોપીઓએ ભાગવતના દસમા સ્કંધના એકત્રીસમાં અધ્યાયમાં સ્પષ્ટતાપૂર્વક કહ્યું છે કે, 'તમે કેવળ યશોદાનંદન નથી, પરંતુ સમસ્ત શરીરધારીઓના હૃદયમાં રહેનારા સાક્ષી અથવા અંતર્યામી છો. બ્રહ્માજીની પ્રાર્થનાને લક્ષમાં લઈને, વિશ્વની રક્ષા કરવાના એકમાત્ર હેતુથી પ્રેરાઈને તમે યદુકુળમાં પ્રકટ થયા છો.'

ભગવાન શ્રીકૃષ્ણના દિવ્ય જન્મ, પ્રાકટ્ય કે અવતરણનો ઉલ્લેખ કરતાં ભાગવતમાં શુકદેવે પરીક્ષિતને કહ્યું છે, 'હે' સર્વ

પ્રકારના શુભ ગુણોથી સંપન્ન સુંદર સમય આવી પહોંચ્યો. રોહિણી નક્ષત્ર હતું. આકાશના બધા ગ્રહો, નક્ષત્રો તથા તારાઓ શાંત દેખાતા'તા. દિશાઓ પ્રસન્ન હતી. નિર્મળ આકાશમાં તારા ટમકી રહેલા. સમસ્ત સૃષ્ટિ મંગલમય લાગતી'તી. નદીઓનું નીર નિર્મળ થઈ ગયું. રાત્રીના વખતે પણ સરોવરમાં કમળ ખીલી રહેલાં. વનમાં વૃક્ષોની પંક્તિ રંગબેરંગી ફૂલોની હારથી સુશોભિત બની ઊઠેલી. શીતળ, મંદ, સુગંધીદાર વાયુ બધે સુખ આપતો વાયા કરતો'તો. સંત પુરુષોનાં મન એ વખતે એકાએક પ્રસન્નતાથી ભરાઈ ગયાં. ભગવાનના આવિર્ભાવનો અવસર આવતાં સ્વર્ગમાં દેવતાઓ વાદ્યો વગાડવા લાગ્યા. કિન્નર ને ગંધર્વ સુમધુર સ્વરમાં ગાવા લાગ્યા તથા સિદ્ધ અને ચારણ ભગવાનના મંગલમય ગુણોની સ્તુતિ કરવા માંડ્યા. વિદ્યાધારી અપ્સરાઓ સાથે નાચવા લાગી. મોટા મોટા ઋષિ-મુનિ ને દેવતાઓ આનંદથી ભરાઈને સ્તુતિ કરવા લાગ્યા. મધરાત્રિનો વખત હોવાથી ચારેતરફ અંધકારનું સામ્રાજ્ય હતું. એ વખતે પૂર્વ દિશામાં સોળે કળાયુક્ત પૂર્ણ ચંદ્રનો ઉદય થાય તેમ, સૌના હૃદયમાં બિરાજમાન ભગવાન વિષ્ણુ, દેવકીમાતાની કૂખથી પ્રકટ થયા.

વસુદેવે કંસના કારાગારના પોતાના કામચલાઉ નિવાસસ્થાનમાં, પોતાની આગળ ઊભેલા એક અદ્ભુત બાલકનું દર્શન કર્યું. એ અલૌકિક અસાધારણ આશ્ચર્યકારક બાલકનાં નેત્ર કમળ જેવાં કોમળ ને વિશાળ હતાં. એના ચાર હાથમાં શંખ, ચક્ર, ગદા ને પદ્મ હતાં. વક્ષઃસ્થળ પર અત્યંત સુંદર સુવર્ણમયી રેખા હતી. ગળામાં કૌસ્તુભમણિ હતો. વર્ષાકાલીન વાદળ જેવા પરમ સુંદર શ્યામલ શરીર પર પીતાંબર ધારણ કરેલું. બહુમૂલ્ય વૈદૂર્યમણિના કિરીટ અને કુંડળની કાંતિથી સુંદર દેખાતાં વાંકડિયા વાળ સૂર્યનાં કિરણની પેઠે ચમકી રહેલા. કમર પર કંદોરો તથા બાહુ પર બાજુબંધ દેખાતાં એ આભૂષણોથી અલંકૃત બાલકના



અંગની શોભા એકદમ અદ્ભુત હતી.

વસુદેવને ખબર પડી કે મારે ત્યાં પુત્રના રૂપમાં ભગવાન પોતે જ પધાર્યા છે ત્યારે સૌથી પહેલાં તો એમના આશ્ચર્યનો પાર ના રહ્યો. પછી એ આશ્ચર્ય આનંદમાં પરિણમ્યું. એમનું રોમરોમ પરમાનંદથી પરિપ્લાવિત બની ગયું. શ્રીકૃષ્ણના જન્મના ઉત્સવના આનંદાતિરેકમાં એમણે એ જ વખતે બ્રાહ્મણોને દસ હજાર ગાયોનું દાન કરવાનો સંકલ્પ કર્યો. વસુદેવને ત્યાં પરમ પુરુષ પરમાત્મા પધાર્યા છે એવી માહિતી મળતાં, સર્વે પ્રકારના ભયથી મુક્ત બની ગયા. મનને સ્થિર કરીને ભગવાનના ચરણમાં મસ્તક નમાવી, એ હાથ જોડીને સ્તુતિ કરવા લાગ્યા.

દેવકી પણ પોતાના પુત્રમાં પુરુષોત્તમ પરમાત્માનાં સઘળાં લક્ષણો જોઈને વિસ્મય પામી. એને કંસનો ભય તો લાગ્યો જ, પરંતુ પછી એણે પણ પ્રસન્નતાપૂર્વક સ્તુતિ કરવા માંડી.

ભગવાન શ્રીકૃષ્ણના પ્રાકટ્યનો પ્રસંગ એવો અનેરો હતો. વસુદેવ તથા દેવકીના પુત્રરૂપે એ પ્રકટ થયા તેનું કારણ શું ? એ પ્રશ્નનો ઉત્તર વસુદેવ ને દેવકીની પ્રાર્થનાની પૂર્ણાહુતિ પછી એમણે કહેલાં વચનોમાંથી સહેલાઈથી મળી રહે છે.

ભગવાન શ્રીકૃષ્ણે પ્રાર્થનાના પ્રત્યુત્તરમાં સ્પષ્ટીકરણ કરતાં કહ્યું :

'સ્વાયંભુવ મન્વંતરમાં તમારો પ્રથમ જન્મ થયો ત્યારે તમારું નામ પશ્નિ હતું અને વસુદેવ સુતપા નામના પ્રજાપતિ હતા. તમારા બંનેનાં હૃદય શુદ્ધ હતાં. બ્રહ્માએ તમને પ્રજોત્પત્તિ માટે આદેશ આપ્યો ત્યારે તમે બંનેએ ઈન્દ્રિયોનું દમન કરીને તીવ્ર તપશ્ચર્યા કરી. વરસાદ, પવન, ઠંડી, ગરમીનાં વિવિધ કષ્ટો સહન કરતાં, તમે પ્રાણાયામની સાધના દ્વારા મનના મેલને ધોઈ કાઢ્યા. કોઈ વાર સૂકાં પાંદડાં ખાઈને તો કોઈ વાર વાયુભક્ષણ કરીને તમે સમય પસાર કરતાં. તમારું મન ઘણું શાંત હતું. એવી રીતે મારી કૃપાની કામનાથી તમે મારી આરાધના કરી. મારામાં મન લગાડીને એવું

તીવ્ર તપ કરતાં દેવતાઓનાં બાર હજાર વરસ વીતી ગયાં. એ તપથી હું તમારા બંને પર પ્રસન્ન થયો. તમને વરદાન આપવા માટે હું તમારી સામે આજ સ્વરૂપમાં પ્રકટ થયો. મેં તમને વરદાન માગવા કહ્યું ત્યારે તમે બંનેએ મારા જેવા પુત્રની માગણી કરી. ત્યાં સુધી તમે વિષયભોગોથી મુક્ત હતાં ને તમારે કોઈ સંતાન પણ ન હતું. એટલે મારી માયાથી મોહિત થઈને તમે મોક્ષની માગણી ના કરી. તમારી ઇચ્છા પ્રમાણે મેં તેમને વરદાન આપ્યું. મેં જોયું કે દુનિયામાં શીલ, સ્વભાવ, ઉદારતા તથા બીજા ગુણોમાં મારા જેવું બીજું કાંઈ નથી, તેથી હું જ તમારો પુત્ર થયો. એ વખતે મારું નામ પશ્નિગર્ભ હતું. બીજા જન્મમાં તમે અદિતિ અને વસુદેવ કશ્યપ થયા. એ વખતે પણ હું તમારો પુત્ર થયો. એ વખતે મારું નામ ઉપેન્દ્ર હતું. નાનું શરીર હોવાથી લોકો મને વામન કહેતા. આ તમારા ત્રીજા જન્મમાં પણ હું તમારો પુત્ર થયો છું. મારી વાણી સદા સાચી હોય છે. તમને મારું આ રૂપ હું એટલા માટે બતાવી રહ્યો છું કે તમને મારા પહેલાંના અવતારોનું સ્મરણ થઈ જાય. કેવળ માનવશરીરથી તમને મારા અવતારની ખાતરી ના થાત.'

એ પછી ભગવાને પોતાની યોગમાયાથી પોતાનું દિવ્યરૂપ સંકેલી લઈને તરત જ એક સાધારણ શિશુનું સ્વરૂપ ધારણ કરી લીધું. એવી રીતે એમનો જન્મ ખરેખર અલૌકિક હતો.

આ વર્ણનથી આગળ વધીને જુદી રીતે વિચારીએ તોપણ, જન્મીને એમણે જે કર્મો કર્યાં તે કર્મો પણ કાંઈ સાધારણ ન હતાં. એ કર્મોનો વિચાર કરતાં સમજાય છે કે શ્રીકૃષ્ણના રૂપમાં પ્રકટેલી વિભૂતિ કોઈ સામાન્ય વિભૂતિ ન હતી. એમનો જન્મ કેવળ યદુકુળ અથવા ગોકુળવૃંદાવનને માટે જ નહિ પરંતુ સમસ્ત સંસારને માટે આશીર્વાદરૂપ હતો. એમની અસર એ વખતના સમાજ પર જ નહિ પરંતુ સર્વકાળના સમાજ પર પડી છે. એ એમના જન્મની અસાધારણતાની પ્રતીતિ કરાવે છે.



બીજો વિષય એમના શરીરત્યાગનો અથવા તિરોધાનનો છે. ભગવાન શ્રીકૃષ્ણ સામાન્ય માનવીની પેઠે પોતાના શરીરને છોડી ગયા હતા એવું વર્ણન શ્રીમદ્‌ભાગવતમાં નથી મળતું. ભાગવતમાં તો જુદી જ જાતનું વર્ણન કરવામાં આવ્યું છે. શ્રીકૃષ્ણ સશરીર આ પૃથ્વીનો ત્યાગ કરી ગયા હતા, અદૃશ્ય થઈ ગયા કે તિરોધાન થયા હતા એવો ઉલ્લેખ એમાંથી મળી આવે છે.

યોગી પુરુષોને માટે એવી રીતે અદૃશ્ય થવાનું અશક્ય નથી હોતું. પોતાનાં શરીર, મન તથા ત્રિગુણાત્મિકા પ્રકૃતિ પર એમણે સંપૂર્ણ વિજય પ્રાપ્ત કર્યો હોવાથી શરીર ધારવામાં, છોડવામાં અને અદૃશ્ય થવામાં કે પ્રકટ બનવામાં એ સર્વ સ્વતંત્ર હોય છે. સિદ્ધ યોગીમાં એવી શક્તિ હોઈ શકે છે તો પછી ભગવાન શ્રીકૃષ્ણ તો યોગીઓના પણ યોગી હતા. એમનું શરીર એમની ઇચ્છાનુસાર અંતર્ધાન થયું હોય એમાં આશ્ચર્ય જેવું કશું જ નથી.

ભગવાન શ્રીકૃષ્ણના અંતર્ધાનના પ્રસંગની પુષ્ટિ ભાગવતના એકાદશ સ્કંધના એકત્રીસમા અધ્યાયનું અવલોકન કરવાથી સહેલાઈથી થઈ રહે છે. એ અધ્યાયમાં કહ્યા પ્રમાણે 'ભગવાનના સારથિ દારૂકની વિદાય પછી બ્રહ્મા, શિવપાર્વતી, બ્રહ્માદિ લોકપાલ, મરીચિ જેવા પ્રજાપતિ, મોટા મોટા ઋષિ મુનિ, સિદ્ધ, પિતૃ, ગંધર્વ તથા વિદ્યાધર, નાગ, ચારણ, યક્ષ-રાક્ષસ, કિન્નર-અપ્સરા, તેમજ મૈત્રેય વગેરે મહા પ્રતાપી સંતપુરુષો ભગવાન શ્રીકૃષ્ણના પરમધામ ગમનને જોવા માટે આવી પહોંચ્યા. એ બધા ભગવાનના જન્મ અને કર્મનું જયગાન કરી રહ્યા હતા. આકાશ એમનાં વિમાનોથી ભરાઈ ગયેલું. ખૂબ જ શ્રદ્ધાભક્તિથી એ ભગવાન પર પુષ્પવૃષ્ટિ કરી રહેલા, શ્રીકૃષ્ણ ભગવાને બ્રહ્માને તથા પોતાની વિભૂતિરૂપ દેવતાને પોતાના આત્માના સ્વરૂપમાં સ્થિતિ કરી અને કમલસદૃશ નેત્રો બંધ કરી દીધાં. ભગવાનનો શ્રીવિગ્રહ ઉપાસકોની ધ્યાનધારણાના

મંગલમય આધારરૂપ અને બ્રહ્માંડના એકમાત્ર આશ્રયરૂપ છે. એટલા માટે યોગીઓની પેઠે એમણે એને અગ્નિ દેવતાસંબંધી ધારણા કરીને બાળી નાખવાને બદલે, પોતે સશરીર પોતાના ધામમાં ચાલ્યા ગયા. એ વખતે સ્વર્ગમાં નગારાં વાગવા લાગ્યાં અને આકાશમાંથી ફૂલોની વર્ષા થવા માંડી. ભગવાનની ગતિ મન તથા વાણીથી પર હોવાથી, એ પોતાના ધામમાં પ્રવેશ કરવા લાગ્યા ત્યારે બ્રહ્માદિદેવ પણ તેમને જોઈ ન શક્યા. મેઘમંડળને મૂકીને આકાશમાં પ્રવેશનારી ચપલાની ચાલને મનુષ્ય નથી જોઈ શકતા, તેવી રીતે મોટામોટા દેવતાઓ પણ એમની ગતિસંબંધમાં કશું ના સમજી શક્યા. બ્રહ્મા તથા શંકર જેવા દેવો ભગવાનની એ પરમયોગમયી ગતિ જોઈને અત્યંત વિસ્મયપૂર્વક એમની પ્રશંસા કરતા પોતપોતાના લોકોમાં ચાલ્યા ગયા.'

ભગવાન શ્રીકૃષ્ણનું શરીર સામાન્ય શરીર ન હતું પણ યોગાગ્નિમય ભાગવતીનું હતું અને એ પોતે સર્વેશ્વર હતા. એટલે એમને માટે એવી રીતે સદેહે અંતર્ધાન થવાનું. અસંભવ અથવા અઘરું ન હતું.

**–શ્રી યોગેશ્વરજી**

## ॥ પ્રહ્લાદના સંસ્કાર ॥

ભાગવતનો પ્રસંગ છે. પ્રહ્લાદનું મન નાની અવસ્થાથી જ ઈશ્વરમાં લાગેલું જોઈ એના સમવયસ્ક વિદ્યાર્થીઓને વિસ્મય થયું. કોઈને નહીં ને પ્રહ્લાદને જ પરમાત્મા પ્રત્યેનો આટલો પ્રેમ શાથી થયો ? આટલી નાની વયમાં આવું જ્ઞાન ક્યાંથી કેવી રીતે આવ્યું ? સંશયનું નિવારણ કરવા એ બધા પ્રહ્લાદ પાસે ગયા. પ્રહ્લાદે કહ્યું : 'ભાઈઓ, મારામાં જે પરમાત્માનો પ્રેમ છે તે સત્સંગના પરિણામસ્વરૂપે છે. સંતસમાગમ ખરેખર દુર્લભ છે. મને તેનો લાભ મળ્યો છે. મારામાં જે જ્ઞાન દેખાય છે તેનું ફળ છે.'



ત્યારે તો વિદ્યાર્થીઓને વધારે વિસ્મય થયું. તેમને થયું- પ્રહ્લાદને વળી સંતસમાગમનો લાભ ક્યારે મળ્યો ? એ તો આપણી સાથે જ ફરે છે.

વિદ્યાર્થીઓની શંકા સાંભળી પ્રહ્લાદે સ્પષ્ટીકરણ કર્યું 'ભાઈઓ, હું સાચું જ કહું છું. જુઓ, મારા જીવનમાં વીતેલાં વરસોનો ઈતિહાસ તમને કહી સંભળાવું. મારા પિતા હિરણ્યકશિપુ તપશ્ચર્યા કરવા ગયા ત્યારે દેવતાઓએ દૈત્યો પર હુમલો કર્યો. બન્ને વચ્ચે લડાઈ ફાટી નીકળી. એ વખતે ઈન્દ્ર વિજયી બની મારી માતાનું હરણ કરી ચાલી નીકળ્યો. મારી માતા એ વખતે ગર્ભવતી હતી.'

રસ્તામાં એને નારદ મળ્યા. નારદે કહ્યું : 'ઈન્દ્ર ! જરા વિચાર તો કર કે તું કેવું અધમ કામ કરી રહ્યો છે ?'

ઈન્દ્રે કહ્યું : 'આ સ્ત્રીના પેટમાં ગર્ભ છે, માટે હું તેનું હરણ કરી જાઉં છું.'

ત્યારે નારદજી બોલ્યા : 'એ ગર્ભ કોઈ સાધારણ જીવનો નથી, પરંતુ ભગવાનના મહાન ભક્તનો છે, માટે તારે તેનાથી ભયભીત થવાની જરૂર નથી. તું ધારશે તો પણ તેનો નાશ નહીં થઈ શકે; કેમકે ભગવાનના ભક્તો અમર હોય છે ને સ્વયં ભગવાન એમની રક્ષા કરતા હોય છે. માટે આ સ્ત્રીને તું છોડી દે. હું એને મારા આશ્રમમાં લઈ જઈશ ને રાખીશ.'

એ પછી ઈન્દ્રે દેવર્ષિ નારદના વચનને માન આપી મારી માતાને છોડી દીધી.

દેવર્ષિ નારદના આશ્રમમાં મને જે વાતાવરણ મળ્યું તે સાત્ત્વિક હતું. કેટલું સુંદર ને શાંત, હૃદયદ્રાવક વાતાવરણ ! ત્યાં નિયમિત શાસ્ત્રાધ્યયન થતું, કથાવાર્તા તથા સંકીર્તન થતાં. જે લોકોત્તર ભક્ત પુરુષો કે સંતો આવતા તેમનાં દર્શન, સમાગમ ને પ્રવચનનો લાભ મળતો. ત્યાં જ મારો જન્મ થયો. એ હૃદયસ્પર્શી વાતાવરણમાં જ મારા બચપણની શરૂઆતનો કાળ મેં કાઢ્યો. એ એક મહાન ભાગ્ય હતું. જીવનમાં કોઈને-કોઈક બડભાગીને જ પ્રાપ્ત થાય એવું વિરલ ભાગ્ય. એ વાતાવરણે

મારા પર ભારે અસર કરી. મને થયું—'ઈશ્વરની ભક્તિ કરવા, ઈશ્વરને મેળવવા અને બીજાને સન્માર્ગે ચઢાવવા માટે જ આ મનુષ્યજીવન મળેલું છે. આ હાથમાં આવેલા હીરાને નકામો વેડફી નાખવો ના જોઈએ, સત્સંગના પ્રભાવથી મને એ સંકલ્પ વારસામાં મળ્યો.'

પછી તો મારા પિતા તપશ્ચર્યા પૂરી કરી ઘેર આવ્યા, એટલે નારદજીએ અમને એમની પાસે પહોંચાડી દીધા. આ મારા બાલ્યાવસ્થાના સંસ્કાર જ અત્યારે કામ લાગ્યા છે, ને બીજમાંથી અંકુરરૂપે ઊગી નીકળ્યા છે. એમણે જ મને ભક્ત કે જ્ઞાની બનાવ્યો છે. આ સાંભળી વિદ્યાર્થીઓની શંકાનું સમાધાન થયું.

ભાગવતની આ કથા કહી જાય છે કે બાલ્યાવસ્થા એ જીવનની અત્યંત મહત્ત્વની અવસ્થા છે. તે વખતે પડેલા સંસ્કાર જીવનમાં કાયમી અસર પહોંચાડે છે ને વજ્રલેપ જેવા બની જાય છે એ વખતનું વાતાવરણ પોતાની અમીટ છાપ મૂકી જાય છે. એ વખતની ટેવો ને વિચારસરણી તથા ભાવનાઓ જીવનમાં ઘર કરે છે, માટે વાતાવરણ તથા સંગની પસંદગી કરવામાં બહુ જ સાવધ રહેવાની જરૂર છે. બાળકોએ, બાળકોમાં રસ લેતા કે બાળશિક્ષણમાં પડેલા બધાએ આ વાત ધ્યાનમાં રાખવાની છે. બાળકનું ભાવિ જીવન સત્ત્વશીલ બને એ માટે સહયોગ આપવાનો છે.

બાળકોએ જ શા માટે ? વિકાસની નજરે તો ગમે તેવી મોટી ઉંમરના માણસો પણ બાળકો જ છે. એટલે એમણે પણ જીવનને જીવવા જેવું અથવા તો ઉત્તમ બનાવવા માટે, વાતાવરણ ને સંગની પસંદગી પર પૂરતું ધ્યાન આપવું જોઈએ. જીવનમાં જેમને કોઈ નોંધપાત્ર વિકાસ કરવો છે, ખાસ કરીને આધ્યાત્મિક વિકાસ, તે તો વાતાવરણ કે સંગ પ્રત્યે દુર્લક્ષ કરે તે ન જ ચાલે.

**—શ્રી યોગેશ્વરજી**



# ॥ નર્મદા-યાત્રા ॥

## (તા.૧૭-૧૮ ડિસેમ્બર ૨૦૨૨)

પૂ.'મા'ની કૃપાથી અમને ચાર બહેનોને સ્કૂટર ઉપર બે દિવસની નર્મદાયાત્રા કરવાનું સદ્‌ભાગ્ય પ્રાપ્ત થયું. પૂ.'મા'ની કૃપાથી જ યાત્રા શક્ય બને છે. પૂ.'મા-પ્રભુ' અમારી સાથે ચાલો તેવી પ્રણામ, પ્રાર્થના, નવ મંત્રગાન અને વરદહસ્તની પ્રાર્થના સાથે યાત્રાનો આરંભ કરીએ છીએ. પૂ.'મા'ને સાહસવાળી યાત્રા પણ ગમે છે.

જેથી તન અને મન બંને નીરોગી રહે.

| પહેલો દિવસ | બીજો દિવસ |
|---|---|
| વડોદરાથી પ્રસ્થાન | માલસર |
| કબીરવડ | ગંગાથ(શ્રી મા આનંદમયી આશ્રમ) |
| નિકોરા | ચાંદોદ (ભોજન) |
| જનોર | કરનાળી(ગીતા જ્ઞાન ગુફા, હંસારૂઢ આશ્રમ-કુબેર ભંડારી) |
| મોટીકોરલ (શ્રી પુનિત આશ્રમ) | વડોદરા (૧૨૦ કિ.મી.) |
| નારેશ્વર | |
| દિવેર | |
| માલસર (ભોજન અને રાત્રિ રોકાણ) (૧૩૦ કિ.મી.) | |
| | બે દિવસમાં કુલ ૨૫૦ કિ.મી યાત્રા થઈ |

પૂ.'મા' કોઈપણ યાત્રાની શરૂઆત કરીએ તે પહેલાં જ

'ચેતતા નર સદા સુખી' તે કહેવતનું સ્મરણ કરાવી લે છે. તેથી યાત્રામાં બે ભાઈઓ આશિષ અને અમનને ગાડી લઈને સાથે મોકલે છે. જેથી બેનોની સલામતિ પણ જળવાય અને કંઈક મુશ્કેલી પડે તો કામ આવે. પૂ.'મા' પ્રભુના આશીર્વાદથી યાત્રાનો આરંભ કરીએ તો પ્રભુસ્મરણ સાથે આનંદયાત્રા બની જાય છે તે અનુભવવા મળ્યું. અમારી બધી જ યાત્રાના કર્તા હર્તા, તો 'મા પ્રભુ' છે. પૂ.'મા' એ યાત્રાનાં આરંભ પહેલાં જ મયૂરીબેન સાથે વાત કરીને બધી જ માહિતી લીધી હતી. કયા કયા સ્થળે જવું. રાત્રિનો નિવાસ કયા સ્થાને કરવો. પૂ.'મા' પોતાનાં બાળકોની યાત્રા સહજ અને સરળ બને તે માટે પૂર્વ તૈયારી કરી જ લે છે. પૂ.'મા' પોતાનો કીમતી સમય આપી બાળકોની યાત્રા સહજ અને સરળ બને તે માટે પૂર્વ તૈયારી કરી જ લે છે. પૂ.'મા' પોતાનો સમય આપી બાળકોની સાત્ત્વિક યાત્રાની ઇચ્છા પૂર્ણ કરાવે છે. તે પૂ.'મા'નું પ્રેમાળ દર્શન દરેક યાત્રામાં સૌને થાય છે. પૂ.'મા' ફોન દ્વારા સતત અમારી સાથે આનંદથી નાચી ઊઠતા. બધા તીર્થયાત્રીઓને મળ્યા, વાત કરી ત્યારે સમજાયું કે યાત્રામાં કેટલાં બધા કષ્ટ સહન કરવા પડે જેમકે પોતાનો સામાન સાથે ઊંચકી ને ચાલવાનું. જમવાનું, રહેવાનું મળે કે ના પણ મળે તેમ છતાં એક પ્રભુ પર શ્રદ્ધા વિશ્વાસ રાખી યાત્રા કરે છે. જ્યારે પૂ.'મા' આપણાને તકલીફ ના પડે. આપનું મન પ્રભુમાં રહે યાત્રા આનંદથી કરી શકીએ એટલે સર્વપ્રકારે અનુકૂળતા ધરે છે.

પૂ.'મા'ના આદર્શ ને લઈને સાથે ચાલીએ તો પણ યાત્રાનો આનંદ વિશેષ વધી જાય છે. જેમકે ૧. ચાલશે, ફાવશે, ગમશે. ૨. પ્રતિકૂળ પરિસ્થિતિમાં અનુકૂળતા શોધી લો. ૩. યાત્રામાં જે સૂત્રધાર હોય તે કહે તે પ્રમાણે કરો દલીલ ના કરો. જો ખૂબ સંપ અને પ્રેમથી યાત્રા કરશો તો તે યાત્રાનો આનંદ વિશેષ હશે,



યાદગાર યાત્રા બની જશે. પૂ.'મા'એ આપેલા સંસ્કારયાત્રામાં યાદ આવી જાય છે નર્મદાયાત્રીઓને 'જય નર્મદે હર', 'જય કૃપાળુ મા'ના નામ સ્મરણથી ફૂડપૅકેટ આપતા તો તે યાત્રીઓ એટલા પ્રેમથી આનંદથી સ્વીકારતા હતા તેથી અમારો આપવાનો આનંદ ખૂબ વધી જતો અને પૂ.'મા'ની યાદ આવી જતી પૂ.'મા' એ આપવાનો ગુણ કેટલો સરસ આપ્યો છે. જય જય હો અમારી પૂ.'મા'નો જય હો. અરે 'સ્વર્ગારોહણ'ના ગરબા કેમ ભૂલાય ? પથ્થર વાગે રેતી હોય તો પણ ગરબે તો રમવું જ પડે. ધૂન ગાતાં ગાતાં ગરબા પૂ.'મા'ની ચાર સિંહણો રમી. પૂ.'મા'ની જ અનંત કૃપાથી બે દિવસ સ્વતંત્ર આનંદ માણી શક્યા. મસ્તી પણ કરી, ફોટા-વિડીયો પણ લીધા, સરસ જમ્યા, પ્રણામ, પ્રાર્થના, મા પ્રભુનું સ્મરણ પણ કર્યું.

કેવો સાત્ત્વિક આનંદ પૂ.'મા'ની કૃપાથી જ શક્ય બન્યો ! નહીં તો સંસાર છોડવો અઘરો છે. આશિષ અને અમન પણ ખૂબ અનુકૂળ હતા અમને ફોટા અને વીડિયો લેવાની સારી સેવા આપી. સર્વ કઈ શક્ય છે કારણ આપણાં સૌની સાથે પૂ.'મા' છે. પૂ.'મા'નું રક્ષાકવચ છે. અંતે પૂ.'મા' પ્રભુના ચરણોમાં પ્રાર્થના કરીએ છીએ કે સૌ બાળકોને આ રીતે યાત્રા કરાવતાં રહેજો. અમે પૂ.'મા'ને ના ભૂલીએ પૂ.'મા' અમને ના ભૂલે તેવું સુંદર પવિત્ર જીવન અમારું બને તે માટે અમારી પાસે જપ, તપ, યાત્રા, સ્મરણ કરાવી લેજો અને મા-પ્રભુનાં દરેક કાર્ય કરવા માટે તન, મન અને ધનથી તૈયાર રહીએ તેવી સૂઝ, સમજણ, શક્તિ અને તક આપજો. તેવી પ્રાર્થના સાથે મયૂરી, મનિષા, ઉર્વશી, સ્તુતિના પૂ.'મા'ના ચરણોમાં કોટી કોટી પ્રણામ. 'પૂ.'મા' સાથે રાખો, શાંતિ આપો.' તેવી પ્રાર્થના સાથે સૌ બાળકોના પ્રણામ.

**–મનિષા જોશી**